RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 176* Date: 24.04.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

**સીકરણ અભિયાન હેઠળ ૧૩,૫૪,૭૮,૪૨૦ લોકોને રસી આપવામાં આવી**

## દેશમાં કોરોના બન્યો વિકરાળ: ૨૪ કલાકમાં ૩.૩૨ લાખથી વધુ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૨૩

ભારતમાં કોરોનાનો પ્રકોપ દિન પ્રતિદિન વિકરાળ બની રહ્યો છે. રોજ નવા કેસમાં જબરદસ્ત ઉછાળો જોવા મળી રહ્યો છે. મૃત્યુઆંક પણ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૩.૩૨ લાખથી વધુ કેસ નોંધાયા છે. જ્યારે ૨૨૬૩ લોકોના મૃત્યુ થયા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૩,૩૨,૭૩૦ નવા દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૧,૬૨,૬૩,૬૯૫ પર પહોંચી ગયો છે. જેમાંથી ૧,૩૬,૪૮,૧૫૯ દર્દીઓ સાજા થયા છે જ્યારે ૨૪,૨૮,૬૧૬ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાએ ૨૨૬૩ લોકોનો ભોગ લીધો. કુલ મૃત્યુઆંક ૧,૮૬,૯૨૦ પર પહોંચી ગયો છે. જો કે રાહતની વાત એ છે કે એક જ દિવસમાં ૧,૯૩,૨૭૯ લોકો રિકવર પણ થયા છે. રસીકરણ અભિયાન હેઠળ ૧૩,૫૪,૭૮,૪૨૦ લોકોને રસી આપવામાં આવી છે.

કોરોના વાયરસના કારણે મહારાષ્ટ્રમાં સ્થિતિ ખુબ જ ખરાબ છે. રાજ્યમાં રોજેરોજ રેકોર્ડબ્રેક કેસ સામે આવી રહ્યા છે. મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા બહાર પડેલા આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૬૭૦૧૩ નવા કોરોના દર્દીઓ નોંધાયા છે. જ્યારે ૫૬૮ દર્દીઓના મોત થયા છે. આ સાથે ૬૨૨૯૮ દર્દીઓ કોરોનાને માત આપીને સાજા પણ થયા છે. કોરોનાના કુલ કેસની સંખ્યા રાજ્યમાં ૪૦ લાખ ૯૪ હજાર



૮૪૦ થઈ ગઈ છે જેમાંથી ૩૩ લાખ ૩૦ હજાર ૭૪૭ દર્દીઓ રિકવર થયા છે. જ્યારે રાજ્યમાં હજુ પણ ૬ લાખ ૯૯ હજાર ૮૫૮ એક્ટિવ કેસ છે. દેશની રાજધાની દિલ્હીમાં કોરોના વયારસનો કેર ચાલુ છે. સ્વાસ્થ્ય વિભાગના જણાવ્યાં મુજબ, રાજ્યમાં કોરોનાના નવા ૨૬૧૬૯ કેસ નોંધાયા છે. જ્યારે ૩૦૬ દર્દીઓના મોત થયા. દિલ્હીમાં હાલ કોરોનાના કુલ ૯૧,૬૧૮ એક્ટિવ કેસ છે. ગુજરાતમાં પણ રોજેરોજ નવા કેસમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં કોરોનાના નવા ૧૩૧૦૫ દર્દીઓ નોંધાયા. જ્યારે એક જ દિવસમાં કોરોનાથી ૧૩૭ દર્દીઓએ જીવ ગુમાવ્યા. સૌથી વધુ કેસ અમદાવાદમાં નોંધાઈ રહ્યા છે. જ્યાં ગુરુવારે ૫૦૧૦ નવા કેસ સામે આવ્યા. ત્યારબાદ સુરતમાં ૨૪૭૬ કેસ નોંધાયા છે.

સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)એ ભારતમાં કોરોનાના વધતા સંક્રમણની ખરાબ સ્થિતિને જોતા ટ્રાવેલ બેન લગાવ્યો છે. આ નિર્ણયના કારણે ત્યાં જવાની તૈયારી કરી રહેલા લોકો ખુબ પરેશાન છે. રવિવારથી દસ દિવસ માટે ભારતથી મુસાફરી પર પ્રતિબંધ રહેશે. આ બેન શનિવાર રાત ૧૧.૫૯ મિનિટથી એટલે કે ૨૪ એપ્રિલની રાત ૧૨ વાગ્યાથી શરૂ થઈને દસ દિવસ સુધી રહેશે. દસ દિવસ બાદ સ્થિતની સમીક્ષા કરીને આગળ નિર્ણય લેવાશે. યુએઈના નાગરિકો, રાજનયિક પાસપોર્ટધારક અને સરકારી પ્રતિનિધિ મંડળને આ શરતોમાં છૂટ અપાઈ છે.

## દિલ્હી: સર ગંગા રામ હોસ્પિટલમાં ઓક્સિજનના ઓછા દબાણને કારણે ૨૫ દર્દીઓના મૌત



ન્યુ દિલ્હી,તા.૨૩

કોરોનાથી દેશભરમાં પરિસ્થિતિ ભયાનક બની રહી છે. ઓક્સિજન માટે હાહકાર છે. દર્દીઓને ઓક્સિજન મળતો નથી, જે તેમના જીવનનો ભોગ લે છે. દેશની રાજધાની દિલ્હીમાં ઓક્સિજનનું સંકટ સૌથી વધુ છે. દિલ્હીની મોટી હોસ્પિટલમાં ઓક્સિજનના અભાવે દર્દીઓને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઓક્સિજનની તંગીનો સામનો કરી રહેલા મેક્સની તમામ હોસ્પિટલોએ દિલ્હી-દ્નઝ્રઈમાં તેની કોઈપણ શાખામાં નવા દર્દીઓની ભરતી પર પ્રતિબંધ મૂક્યો છે. મુંડકાની આર્ડન્ટ ગણપતિ હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટરએ કહ્યું કે તેમની હોસ્પિટલમાં ઓક્સિજન સમાપ્ત થઈ ગયે છે. આ કારણોસર, તે અહીં દાખલ તમામ દર્દીઓને સરકારી હોસ્પિટલમાં મોકલી રહ્યા છે.

દિલ્હીની સર ગંગા રામ હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટરએ જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં ઓક્સિજનના ઓછા દબાણને કારણે ૨૫ દર્દીઓનું મૃત્યું હોસ્પિટલમાં થઈ ગયું છે. ઘણા દર્દીઓને હાઈ પ્રેશરની જરૂર હતી પરંતુ કેટલાક ઓક્સિજનના ઓછા દબાણને કારણે અને કેટલાક બેડના અભાવે મૃત્યુ પામ્યા હતા. જો કે, અહેવાલ છે કે સવારે ૯.૩૦ વાગ્યા પછી, અહીં એક ઓક્સિજન ટેક્રર આવી ગયું છે, જેમાં ૨૦૦૦ ક્યુબિક મીટર ઓક્સિજન છે.

તેમણે માહિતી આપી હતી કે અન્ય ૬૦ ગંભીર રીતે બીમાર દર્દીઓના જીવન પણ જોખમમાં છે અને ગંભીર સંકટ આવે તેવી સંભાવના છે. ઓક્સિજનની તાત્કાલિક જરુર છે. મેડિકલ ડિરેક્ટરએ માહિતી આપી હતી કે હોસ્પિટલના ૈંઝેં અને ઈમરજન્સી મેડિકલ વિભાગમાં બિન-મિકેનિસ્ટિક રીતે વેન્ટિલેશનને ફરીથી સ્થાપિત કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

ફરીદાબાદની ફોર્ટિસ હોસ્પિટલમાં માત્ર એક કલાકનો ઓક્સિજન બાકી છે. હોસ્પિટલ મેનેજમેંટ સાથે વાત કર્યા પછી, જાણવા મળ્યું કે રેવારીથી ઓક્સિજન સપ્લાયની ખાતરી કરવામાં આવી રહી છે, કેટલાક કારણોસર ગુરુવારથી ઓક્સિજન સપ્લાય ખોરવાઈ ગઈ છે. મોડીરાતથી ૈંઝેંમાં દાખલ દર્દીઓ અને ઓક્સિજન સપોર્ટ અંગે હોસ્પિટલ મેનેજમેન્ટ ચિંતિત છે. જિલ્લામાં ઓક્સિજન સપ્લાયની સુનિશ્ચિત કરવા માટે નિયુક્ત નોડલ અધિકારી કરણ ગોદરા કહે છે કે, આરોગ્ય વિભાગ સેવાઓ વિક્ષેપિત ન થાય તે માટે પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવી રહ્યો છે.

મેક્સ સ્માર્ટ હોસ્પિટલ અને મેક્સ હોસ્પિટલ સાકેતમાં ઓક્સિજનનો એક કલાક કરતા ઓછો સ્ટોક બાકી હતો. દિલ્હી સરકારે મેક્સ સ્માર્ટ હોસ્પિટલ સાકેત અને મેક્સ હોસ્પિટલમાં પ્રત્યેક એક મેટ્રિક ટન ઓક્સિજન પ્રદાન કર્યો છે.

આ બંને હોસ્પિટલોમાં ૭૦૦ દર્દીઓ છે, જેમાં ૫૫૦ કોવિડ દર્દીઓ છે. બપોરના ૧ વાગ્યાથી તાજા પુરવઠો ૈંઙ્ઘઠની રાહ જોઈ રહ્યા છે. જોકે, એવી માહિતી પ્રાપ્ત થઈ છે કે, આગામી ૩ થી૪ કલાક સુધી ઓક્સિજન મેક્સ હોસ્પિટલમાં પહોંચ્યો છે. મેક્સ હેલ્થકેરે જણાવ્યું હતું કે ૭૦૦ થી વધુ દર્દીઓ દાખલ થયા હતા.

## કેનેડાએ ભારત-પાકથી આવતી તમામ ફ્લાઇટ્સ પર ૩૦ દિવસ માટે મૂક્યો પ્રતિબંધ

ઓટ્ટાવા,તા.૨૩

કેનેડાની ફેડરલ સરકારે ભારત અને પાકિસ્તાનમાં ઝડપભેર વધી રહેલા કોરોનાના કેસને કારણે આ બંને દેશોમાંથી આવતી તમામ કમર્શિયલ અને પ્રાઈવેટ ફ્લાઈટ્સ પર ગુરુવારથી ૩૦ દિવસ માટે પ્રતિબંધ મૂકી દીધો છે.



ટ્રાન્સપોર્ટ મંત્રી ઓમર અલઘાબરાએ એક વર્ચ્યુઅલ પ્રેસ-કોન્ફરન્સમાં આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે કેનેડા સરકાર આ હંગામી પ્રતિબંધ ભારત અને પાકિસ્તાનથી આવનારી ફ્લાઈટ્સ માટે મૂકી રહી છે, કેમ કે બંને દેશઓમાંથી આવતા મુસાફરોમાંથી મોટા ભાગના લોકો કોરોના પોઝિટિવ હોય છે, એવું ટેસ્ટ દરમિયાન જોવા મળે છે.

ટ્રાન્સપોર્ટમંત્રીના કહેવા પ્રમાણે, ભારત અને પાકિસ્તાનમાંથી કેનેડા પહોંચતા એર પેસેન્જર્સમાંથી મોટી સંખ્યામાં મુસાફરો ટેસ્ટ દરમિયાન કોવિડ પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે ટ્રાન્સપોર્ટ મંત્રીએ એરમેન અથવા NOTAMને આ બંને દેશોમાંથી ડાઈરેક્ટ પેસેન્જર એર ટ્રાફિક રોકવા નોટિસ પણ ઈસ્યુ કરી છે.

ભારત અને પાકિસ્તાનથી મુસાફરો કોઈ ઈન્ડાઈરેક્ટ રૂટથી પણ કેનેડા આવી રહ્યા છે તો તેમણે નેગેટિવ આરટી-પીસીઆર ટેસ્ટ દર્શાવવાનો રહેશે, જે નેગેટિવ ટેસ્ટ તેઓ છેલ્લે જ્યાંથી ડિપાર્ચર થયા હોય એ સ્થળે કરાવેલો હોવો જોઈએ. ઈન્ડાઈરેક્ટ રૂટથી કેનેડા પહોંચનારા લોકોએ સ્ટાન્ડર્ડ પ્રોટોકોલનું પાલન કરવાનું રહેશે, જેમાં તેમણે અન્ય કોવિડ ટેસ્ટ કરાવવાના રહેશે તેમજ ડેઝિગ્નેટેડ સરકારી હોટલમાં ટેસ્ટનો રિપોર્ટ આવે ત્યાં સુધી રોકાવું પડશે.

અલઘાબરાએ કહ્યું હતું કે કોરોનાના કેસોની જે રીતે સંખ્યા વધી રહી છે એ જોતાં જરૂર પડ્યે કેનેડાની સરકાર અન્ય દેશોમાંથી આવતી ફ્લાઈટ્સ પર પણ પ્રતિબંધ મૂકી શકે છે.

કેનેડાના આરોગ્યમંત્રી પેટ્ટી હાજડુએ કહ્યું હતું કે આ હંગામી પ્રતિબંધને કારણે કેનેડાના પબ્લિક હેલ્થ એક્સપર્ટ્સને મહામારી અંગેનો વધુ ડેટા મેળવવામાં મદદ મળશે. તેમણે કહ્યું હતું કે અમે ભારત અને પાકિસ્તાનના નાગરિકો પ્રત્યે સંવેદના ધરાવીએ છીએ, પરંતુ અત્યારના મહામારીના મુશ્કેલ સમયમાં ટેસ્ટ અને ક્વોરન્ટીન અંગેનાં પગલાં ઉઠાવવા પણ એટલાં જ આવશ્યક છે, જે સૌના માટે હિતકારી છે.

## મે મહિનાના ત્રીજા સપ્તાહમાં કોરોનાનુ સંક્રમણ પીક પર હશે, ગામડાઓમાં પણ વધશે કોરોના

ન્યુ દિલ્હી,તા.૨૩

દેશની સૌથી મોટી સરકારી બેંક્ર સ્ટેટ બેંક્ર ઓફ ઈન્ડિયાએ બહાર પાડેલા એક રિપોર્ટમાં અનુમાન લગાવાયુ છે કે, ડિસેમ્બર સુધીમાં દેશમાં લોકોને કોરોનાની રસીના ૧૧૩ કરોડ ડોઝ આપવામાં આવશે. જ્યારે દેશની વસતી પ્રમાણે ગણવામાં આવે તો ૧૫ ટકા લોકોને વેક્સીનના બંને ડોઝ લાગી ચુક્યા હશે અને ૮૪ ટકા લોકોને વેક્સીનનો પહેલો ડોઝ મળી ચુક્યો હશે.

એવુ અનુમાન છે કે, મેના ત્રીજા સપ્તાહમાં કોરોનાનુ સંક્રમણ પીક પર પહોંચી શકે છે અને સાથે સાથે ગામડાઓમાં પણ સંક્રમણ વ્યાપક રીતે ફેલાઈ શકે છે.

રિપોર્ટમાં કહેવાયુ છે કે, દેશમાં કોરોનાની વેક્સીન લગાવવા માટેનો ખર્ચ દેશની જીડીપીના ૦.૧ ટકા જેટલો રહેશે. જ્યારે કોરોનાના કારણે જો દેશમાં લોકડાઉન લગાવવાનો નિર્ણય લેવાયો તો દેશને બહુ મોટુ નુકસાન થશે. અત્યારે વિવિધ રાજ્યોમાં જે આંશિક લોકડાઉન લગાવાયુ છે તેના કારણે જીડીપીના ૦.૭ ટકા જેટલુ નુકસાન થવાનુ અનુમાન છે. જોકે એ પછી પણ જીડીપીમાં ૧૦.૪ ટકાનો વધારો જોવા મળશે.

રિપોર્ટમાં કહેવાયુ છે કે, જે રીતે સ્પેનિશ ફ્લુની બીજી લહેર વધારે ઘાતક સાબિત થઈ હતી તે રીતે કોરોનાની બીજી લહેર અગાઉની પહેલી લહેરીની સરખામણીએ વધારે ખુવારી કરી શકે છે. તેની અસર ઓછી કરવા માટે મોટા પાયે રસીકરણ જરુરી છે. દુનિયામાં હાલમાં ૯૦ કરોડ લોકોએ રસી લીધી છે. જોકે ગરીબ દેશો આ અભિયાનમાં બહુ પાછળ છે. આમ વેક્સીનેશન કાર્યક્રમમાં પણ અમીર અને ગરીબ દેશો વચ્ચેનો તફાવત સામે આવી રહ્યો છે.

દુનિયાની ૨.૬ ટકા વસતીને જ હજી સુધી વેક્સીનેશનનો લાભ મળ્યો છે. ભારતમાં આ પ્રમાણ ૧.૨ ટકા જેટલુ છે. કેટલાક રાજ્યોમાં વેક્સીન માટે લોકોમાં હજી પણ ખચકાટ છે. અનુમાન છે કે, સીરમ ઈન્સ્ટિટ્યુટ જુલાઈ સુધીમાં દર મહિને ૧૧ કરોડ ડોઝના ઉત્પાદનની ક્ષમતા મેળવી લેશે. જ્યારે ભારત બાયોટેક ૧.૨ ડોઝનુ ઉત્પાદ કરશે.રશિયાની સ્પુતનિક વેક્સીનની આયાત પણ ત્યાં સુધીમાં શરુ થઈ જશે.

રિપોર્ટમાં અનુમાન છે કે, દેશને વેક્સીન લગાવવમાં જેટલો ખર્ચ થશે તે લોકડાઉન લગાવવાથી થનારા નુકસાન કરતા તો બહુ ઓછો હશે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૧૩૮૦૪**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૪૬૭૬૪૦**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૧૪૨**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૫૬૧૮**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૩૬૧૪૯૩**

## ઝાયડસની કોરોના માટેની દવા 'વિરાફિન'ને ઈમરજન્સી ઉપયોગ માટેની મંજૂરી

અમદાવાદ,તા.૨૩

વર્તમાન સમયે કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. જેના કારણે લોકો ભઆરે હેરાન થઈ રહ્યા છે. દેશમાં મેડિકલ ઈમરજન્સીની સ્થિતિ સર્જાઈ છે. દેશની સ્વાસ્થ્ય સુવિધાની ક્ષમતા પુરી થઈ છે અને કેસ દિવસે દિવસે વધી રહ્યા છે. આ બધા વચ્ચે એક મોટા અને રાહતના સમાચાર આવ્યા છે. ઝાયડસ(Zydus)ની કોરોના માટેની દવાના ઈમરજનસી ઉપયોગને મંજૂરી આપી દેવામાં આવી છે. ડીસીજીઆઈએ ઝાયડસની દવા વિરાફિન(Virafin)ના ઉપયોગને લીલી ઝંડી આપી દીધી છે.

આ દવાનો ઉપયોગ હવે કોરોનાના દર્દીઓની સારવારમાં કરવામાં આવશે. ક્વારે ડ્રગસ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ તેને મંજૂરી આપી છે. કોરોના દર્દીઓ માટે રામબાણ ગણાતી રેમડેસિવિરની અછત વચ્ચે આ રાહતના સમાચાર ગણી શકાય. મહત્વની બાબત એ છે કે હળવા લક્ષણો ધરાવતા વયસ્કોની સારવારમાં ઝાયડસની આ દવા ઉપયોગી થશે, ઝાયડસની આ દવાના પરીક્ષણ દરમિયાન ૯૧.૧૫ ટકા દર્દીઓ સાત દિવસમાં નેગેટિવ થયા છે. તેવો કંપની દ્વારા દાવો કરવામાં આવ્યો છે. સાથે જ દર્દીઓનું ઓક્સિજન લેવલ મેઈન્ટેઈન કરવા માટે પણ આ દવા પ્રભાવી સાબિત થઈ છે. કંપનીએ જણાવ્યું છે કે ત્રીજા ફેઝમાં ભારતના ૨૦થી ૨૫ કેન્દ્રોમાં ૨૫૦ દર્દીઓ પર પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેનુ અસરકારક પરિણામ મળ્યું છે. કંપનીનો દાવો છે કે જો કોરોના થયાના શરુઆતના દિવસોમાં આ દવા આપવામાં આવે તો કોરોનાને મ્હાત આપવામાં મદદ મળે છે. વર્તમાન સમયે તો આ દવા ડોક્ટરોની સલાહ પ્રમાણે જ આપવામાં આવશે. સાથે જ અત્યારે વિવિધ હોસ્પિટલોને આ દવા આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ખાસ કરોના સામેની સારવાર માટે બનાવવામાં આવેલી આ પહેલી દવા છે, જેને ગુજરાતમાં આવેલી ફાર્મા કંપની ઝાયડસ દ્વારા બનાવવામાં આવી છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાએ હોસ્પિટલથી લઈ દરેક બાબતે હિંદુ મુસ્લિમના વાડા ભૂલાવી દિધા....?!

*દેશમાં કોરોનાના વધતા જઈ રહેલા કેસોના કારણે આમ પ્રજામાં હડકંપ મચી ગઇ છે.દેશમાં એ હદે હેલ્થ ક્ષેત્રમાં સ્થિતિ વણસી ગઈ છે કે દેશની વડી અદાલતે કેન્દ્ર સરકારને નોટીસ આપવા સાથે કહેવું પડ્યું કે દેશ રામભરોસે ચાલી રહ્યો છે. ત્યારે ખરેખર જે-તે રાજ્યોમાં કોરોનાએ અજગરી ભરડો લીધો છે તે તમામ રાજ્યોમાં સરકારી અને ખાનગી તમામ હોસ્પિટલો કોરોના દર્દીઓથી હાઉસફુલ થવા સાથે હોસ્પિટલોમાં દાખલ કરવા દર્દીઓને લઈને આવેલ ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ સેવાની લાઈનો લાગતી રહી છે.અનેકો જે તે ખાનગી સાધનો મારફતે દર્દીને લઈને હોસ્પિટલ આવી પહોંચે છે પરંતુ આવા ખાનગી વાહન દ્વારા દોડી આવેલા દર્દીને દાખલ કરવામાં નથી આવતા.... કારણ કે જે તે લાવવામાં આવેલ દર્દીના કોરોના પોઝિટીવ સર્ટી નથી હોતા. ત્યારે સરકારી તંત્રનો મૂઢ કાયદો દર્દીને મોતના મુખમાં ધકેલી દે છે....! ત્યારે લાગે છે કે મતો મેળવવા જે વચનો આપવામાં આવ્યા હતા તે ઠાલા હતા... કોમને નામે, ધર્મના નામે મત મેળવી લીધા બાદ માનવતા ભૂલાઈ ગઈ છે....એવા નઠોર નિયમો બનાવી દીધા છે કે કોરોના પોઝિટીવ સર્ટી તથા ૧૦૮ દ્વારા આવેલ હોય તો જ દાખલ કરવામાં આવે છે...ત્યારે ખાનગી સાધનો મારફતે આવી પહોંચેલ કે લાવવામા આવેલ દર્દી માટે હોસ્પિટલ ખાતે કોઈ ટેસ્ટીગ માટેની સુવિધા ઊભી કરવામાં આવી નથી કે ત્યાં તેનું ટેસ્ટીગ કરવામાં આવતું નથી જેથી દર્દીને સારવાર મળી શકે..... પરંતુ હોતી હે ચલતી હૈ.....! આપણને કોણ પૂછનાર છે...ની નીતિ આમ પ્રજાને મુશ્કેલીમાં મુકી રહી છે.....!?*

*કોરોનાવાયરસ દર્દીને બચાવી લે છે તેવો એક પણ નિષ્ણાતે કે કોઇપણ દેશે દાવો કર્યો નથી. તો નિષ્ણાતોનું કહેવું છે કે કોરોના વેક્સિન જીવ બચાવી લે તેવું કોઈ અમોઘ શસ્ત્ર નથી... રસી લીધા પછી પણ સાવચેતી જરૂરી છે.મોઢે માસ્ક, ડિસ્ટન્સ,હાથ. ધોવા,ભીડથી દૂર રહેવું જરૂરી છે. દેશમાં કોરોના કાળમાં જે તે કેટલીક હોસ્પિટલોમાં ઓક્સિજનની અછત ઉભી થતા કેટલાકોએ જીવ ગુમાવ્યા છે તો રેમડેસિવીર વેક્સિન ની અછત સર્જાઈ ગઈ છે... અને સરકાર રોજેરોજ આમ પ્રજાને નવા આશ્વાસનો આપતી જાય છે. કોરોનાએ જ્ઞાતિ-જાતિ, હિન્દૂ-મુસ્લિમના ભેદભાવ મિટાવી દીધા છે. હિન્દુ- મુસ્લિમ એક બીજાને મદદ કરી રહ્યા છે. હૈદરાબાદ ખાતેના ઓક્સિજન ઉત્પાદન કરતાં એકમના મુસ્લીમ માલીક એક પણ પૈસો લીધા વગર ઓક્સિજન આપી રહ્યા છે. જ્યારે કે કેટલાક પારસી મહાનુભાવોએ વેક્સિન સપ્લાય માટેના એસી સાધનો સહિતની વિવિધ સહાય માનવ જીંદગી બચાવવા આપી રહ્યા છે અને સાચા દેશભક્ત હોવાનુ જીવંત ઉદાહરણ આપી દીધું છે.ત્યારે હોસ્પિટલો કે સ્મશાન ગૃહો પર નજર નાખીએ તો અનુભવ થાય છે-જોવા મળે છે કે હિન્દુના મૃતદેહને મુસ્લિમો લઈ આવીને હિન્દુ રિવાજ મુજબ અગ્નિદાહ આપે-અપાવે છે, તો કબ્રસ્તાન ખાતે હિન્દુઓ મુસ્લિમનો મૃતદેહ લઈને પહોંચી જાય છે અને તેમના રિતરિવાજ મુજબ દફન વિધી કરે- કરાવે છે. ટૂંકમાં હોસ્પિટલથી માંડીનેમૃત દેહ વિધી વિધાન દરેકમાં સમરસતા....કોઈ જ્ઞાતિ-જાતિ કે ધર્મનો ભેદ નથી રહ્યો.. જ્યારે કે રાજનીતિએ જે ભાતૃભાવના ખતમ કરાવી હતી... તે કોરોનાએ ભુલાવી બધાને એક તાંતણે બાંધી દીધા છે... ફરી જ્ઞાતિ-જાતિ કે કોમ-કોમ વચ્ચે ભાગલા ન પડાવે તે માટે જાગતા રહીએ.. તે સાથે એક જ વાત કોરોનાથી બચવા નિયમોનું પાલન કરી સાવચેતી રાખીએ અને મનમાનો કોરોના ડર ખતમ કરી.. નવજીવન તરફ આગળ વધીએ....!! વંદે માતરમ્,*

# વડપ્રધાન મોદીએ મુખ્યમંત્રીઓ સાથે કરી બેઠક, કેજરીવાલે કહ્યું- દિલ્હીમાં ઓક્સિજનની ભારે અછત



ન્યુ દિલ્હી,તા.૨૩

દેશમાં કોરોના વાયરસની વધતી રફતાર બાદ પીએમ નરેન્દ્ર મોદીએ રાજયોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી. આ અગાઉ તેમણે સવારે ૯ વાગે અધિકારીઓ સાથે ઈન્ટરનલ બેઠક કરી હતી. મીટિંગ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે દિલ્હીમાં ઓક્સિજનની ભારે અછત છે. જો અહીં ઓક્સિજન ઉત્પાદન કરતો પ્લાન્ટ નથી તો શું દિલ્હીના લોકોને ઓક્સિજન નહીં મળે? જયારે દિલ્હી માટે એક ઓક્સિજન ટેક્રરને બીજા રાજ્યમાં રોકવામાં આવે છે ત્યારે કૃપા કરીને સૂચન આપો કે કેન્દ્ર સરકારમાં મારે કોની સાથે વાત કરવી જોઈએ? પીએમ મોદી દેશના સૌથી વધુ કોરોના પ્રભાવિત ૧૦ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી છે. જેમાં મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, કેરળ, છત્તીસગઢ, રાજસ્થાન, દિલ્હી, મધ્ય પ્રદેશ, ગુજરાત અને તામિલનાડુના મુખ્યમંત્રીઓ સામેલ છે. દેશના અલગ અલગ ભાગોમાં ઓક્સિજનના સપ્લાયની સમસ્યા છે. દિલ્હી, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, ગુજરાત, રાજસ્થાન સહિત અનેક રાજ્યો ઓક્સિજનની કમી સામે ઝઝૂમી રહ્યા છે. પીએમ મોદીએ આજે અનેક મંત્રાલયના અધિકારીઓ સાથે પણ બેઠક કરી. જેમાં તેમને ઓક્સિજનના સપ્લાયને તેજ કરવાનો નિર્દેશ આપ્યો. પીએમ મોદીનો નિર્દેશ હતો કે ઓક્સિજનનું પ્રોડક્શન પૂરતા પ્રમાણમાં થઈ રહ્યું છે. પરંતુ સપ્લાયમાં મુશ્કેલી છે. તેને દૂર કરવી જોઈએ. જો હાલ બ્લેક માર્કેટિંગ થઈ રહ્યું હોય તો તેના પર કડક પગલાં લેવાવા જોઈએ.

# કેવડિયા કોલોનીમાં ગેસ મંડળીની બાજુમાં કામ કરતી બાંધકામનું કામ કરતા પડી જવાથી ગંભીર ઈજા થતાં મહિલાનું મોત.

રાજપીપળા,તા. ૨૩

કેવડિયા કોલોનીમાં ગેસ મંડળીની બાજુમાં કામ કરતી મહિલા પડી જતા ગંભીર ઈજા થવાથી તેનું મોત નિપજ્યું છે.

બનાવની વિગતો મુજબ મરનાર નાહતીબેન નિલેશભાઈ વસુનીયા (રહે,કેવડીયાકોલોની) કેવડીયા કોલોની સરદાર સરોવર નિગમ બાંધકામ ગેસ મંડળીની બાજુમાં સવારે દસેક વાગ્યે કેવડીયા પોલીસ સ્ટેશન નજીક માં બાંધકામનું કામ કરતાં પડી જતા તેમનો પતિ નિલેશભાઈ મસુલભાઇ વસુનીયાના ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે આવેલા હતા. તેને વધુ સારવાર માટે વડોદરા એસએસજી હોસ્પિટલમાં રિફર કરેલ પરંતુ એમ્બ્યુલન્સમાં લઈ જતા રસ્તામાં તેનું મૃત્યુ થતાં મૃતદેહ રાજપીપળા સિવિલ પોસ્ટમોર્ટમ રૂમ ખાતે લાવવામાં આવ્યો હતો. આ અંગેની જાહેરાતો રાજકુમાર ભગતે પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોત દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

રિપોર્ટઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

# ગૃહમંત્રી અમિત શાહે ૯૦૦ બેડની હોસ્પિટલનું કર્યુ નિરિક્ષણ

અમદાવાદ,તા.૨૩

ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદ આવી પહોચ્યાં છે. અમિત શાહે પ્સ્ઙ્ઘઝ ગ્રાઉન્ડ ખાતે ઙ્ઘઈઙ્ગના સહયોગથી બનેલી ૯૦૦ બેડની હોસ્પિટલનું નિરિક્ષણ કર્યું. તેમની સાથે રાજયના મુખ્ય મંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલ હાજર રહ્યા હતા. નોંધનિય છે હાલમાં ગુજરાતમાં રોજના ૧૨ હજારથી વધુ કોરોનાના કેસ આવી રહ્યા છે.જેને લઈને હોસ્પિટલો હાઉસ ફૂલ થઈ જતા દર્દીઓને સારવાર માટે લાઈનમાં ઉભા રહેવુ પડે છે. જેને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે તાત્કાલિક બેડ વધારવાનો નિર્ણય કર્યો હતો અને અમદાવાદના પ્સ્ઙ્ઘઝ ગ્રાઉન્ડ ખાતે ઙ્ઘઈઙ્ગના સહયોગથી ૯૦૦ બેડની હોસ્પિટલનું નિર્ણાણ કર્યું છે.

આ ૯૦૦ બેડની ડેડિકેટેડ કોવિડ કેર હોસ્પિટલની સુવિધા વિશે વાત કરીએ તો તેમા, ૧૫૦ આઈ.સી.યુ. બેડ હશે, જ્યાં ૧૫૦ વેન્ટિલેટર્સની વ્યવસ્થા પણ હશે. આ તમામે તમામ ૯૦૦ બેડ ઓક્સિજનની સુવિધા સાથેનાં હશે. આ ઉપરાંત જો જરુર પડે તો વધુ ૫૦૦ બેડ વધારી શકાય એવી વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, આ હોસ્પિટલમાં પોર્ટેબલ એક્સ-રે મશીનની પણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. કોરોનાના દર્દીઓને સારામાં સારી સારવાર મળી રહે એવું તમામ આયોજન કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે લેબોરેટરી વાન અને ૮ એમ્બ્યુલન્સ પણ શરૂ કરાવશે. આ લેબોરેટરીમાં બાયોકેમેસ્ટ્રી એનાલાઈઝર, બ્લડ સેલ કાઉન્ટ, માઈક્રોસ્કોપ અને સેન્ટ્રીફ્યુઝ સહિતની સુવિધાઓ હશે. આ ઉપરાંત ગૃહ મંત્રી અમિત શાહ એક ઁઝેં ઓન વહીલ્સ પણ ખુલ્લી મુકશે. ઁઝેં ઓન વહીલ્સના વેન્ટિલેટરથી લઈને ઓક્સિજન સહિતની તમામ સુવિધાઓ હશે.

હાલના તબક્કે અમદાવાદ શહેર અને જિલ્લામાં આ સુવિધા શરૂ કરવામાં આવશે. નોંધનિય છે અમદાવાદમાં કોરોનાના ટેસ્ટિંગ જે વાન તૈયાર કરાઈ છે તે લેબોરેટરી વાનમાં તમામ ટેસ્ટ કરવામાં આવશે. લોકોના ઇ્‌-ઝઇ સહિતના તમામ ટેસ્ટ કરવામાં આવશે. વિવિધ વિસ્તારમાં ફરી શકે તે માટે આ વ્યવસ્થા કરાઈ છે.

# કોરોનાનો ડર, પ્રજા કામ સિવાય બહાર નીકળતી નથી, રસ્તાઓ, બજારો સૂમસામ

અમદાવાદ,તા.૨૩

ગુજરાતમાં એક ભયંકર ડરનો માહોલ સર્જાયો છે. વધતા જતા કોરોનાના કહેર અને મેડિકલ ઈમર્જન્સી જેવી સ્થિતિથી પ્રજા પણ ફફડી ઊઠી છે. પરિણામે, છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતનાં શહેરો હોય કે નાનાં ગામ, બધે જનતા કર્ફ્યૂ જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે, જનતા પણ કામ સિવાય બહાર નીકળતી નથી. એટલું જ નહીં, માસ્ક અને ડિસ્ટનસિંગના સંપૂર્ણ પાલન સાથે પ્રજા પણ એકદમ અલર્ટ બની ગઈ છે. એ જોતાં કોરોનાની ચેન તોડવામાં બહુ લાંબો સમય લાગે એમ નથી.

ગુજરાતમાં રોજેરોજ વધતા જતા કોરોનાના કેસોની સાથે ઓક્સિજનની અછત, હોસ્પિટલમાં બેડની અછત અને દવા, ઈન્જેક્શનની પણ હાડમારી ઊભી થઇ રહી છે. કોરોનાના કેસોની સાથે મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. ડોક્ટરો પણ વારંવાર પ્રજાને અલર્ટ રહેવા સમજાવી રહ્યા છે, જેથી પ્રજા પણ એકદમ જાગ્રત થઇ ગઇ છે. ગુજરાતનાં શહેરો કે ગામડાંમાં હાલ પરિસ્થિતિ જુઓ તો એકલદોકલ લોકો જ બહાર ફરતા જોવા મળે છે. ખરીદી કરવાથી માંડીને ધંધા-રોજગાર કરનારા પણ ચોક્કસ સમય માટે જ કામકાજ કરીને ઘરભેગા થઈ જાય છે.

શહેરનાં રસ્તાઓ, બજારો અને ચાર રસ્તાઓ પણ દિવસ દરમિયાન ભેંકાર ભાસી રહ્યાં છે. જનતાની આ જાગૃતિને કારણે જાણે આખા ગુજરાતમાં જનતા કર્ફ્યૂ હોય તેવી પરિસ્થિતિ દેખાઈ રહી છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધો પણ ઘરની બહાર નીકળતાં નથી. મહિલાઓ અને યુવાનો પણ માત્ર ઘરનાં કામ પૂરતાં જ બહાર નીકળે છે. એ દરમિયાન પણ માસ્ક, ડિસ્ટન્સિંગ અને સેનિટાઈઝર સાથે સંપૂર્ણ અલર્ટ છે, સાથે સાથે ઘરમાં કોઈ સામાન્ય બીમારી પણ આવે તો તત્કાળ સારવાર કરવા લાગે છે. તેમાં પણ ઘરના ઉપચાર કરીને બીમારીને ફેલાતી અટકાવી રહ્યા છે.

## ૨૪ એપ્રિલ, વર્લ્ડ વેટરીનરી ડે.

# કોઈ પણ રાષ્ટ્રની મહાનતા અને તેની નૈતિક પ્રગતિનો આધાર તે દેશના લોકોની પ્રાણીઓ સાથેની વર્તણુક દ્વારા નક્કી કરી શકાય છે.:મહાત્મા ગાંધી



જેવી રીતે માણસ બીમાર થાય છે ત્યારે ડોક્ટર પાસે જાય છે એવી જ રીતે પ્રાણીઓ માટે જે ચિકિત્સા વ્યવસ્થા કરવામાં આવે છે તેને વેટરીનરી કહે છે. ઘવાયેલા કે બીમાર પશુ – પક્ષી, પ્રાણીઓની ચિકિત્સાને પ્રોત્સાહન મળે તે માટે દર વર્ષે વેટરીનરી ડે સેલીબ્રેટ કરવામાં આવે છે. જે ડોક્ટર્સ આ જીવોની ચિકિત્સા કરે છે તેમને વેટરનર્સ કહેવામાં આવે છે. વિશ્વમાં જુદા જુદા સ્થાનો પર આવા વેટરનર્સને ટ્રેનિંગ આપવા માટે સ્પેશિયલ ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટસ પણ છે. વેટરનર્સ દરરોજ કોઈ ને કોઈ નવી સમસ્યાઓનો સામનો કરતા રહે છે એ વાત સમજી શકાય એમ છે કે ટ્રીટમેન્ટમાં માણસ જેટલી શાંતિ અને સમજદારીથી સહયોગ કરે છે એટલી જ સહજતાથી પ્રાણીઓ સહયોગ કરી શકતા નથી માટે આ કાર્ય ઘણું અઘરું બની જાય છે. અહી જયારે પેટ એનીમ્લ્સની વાત કરીએ તો એ ઘણા સમજદાર હોય છે. કોઈ પણ ફેમીલીમાં લોકો એમને એક ફેમીલી મેમ્બર તરીકે ટ્રીટ કરે છે, એક બાળકની જેમ પેટને મેનર્સથી લઈને બધી જ વસ્તુઓ શીખવવામાં આવે છે પરિણામે તે કોઈ પણ વસ્તુ સમજવા માટે વધુ સંવેદનશીલ બને છે છતા પણ એમનું ધ્યાન રાખવા માટે તો ઘણા લોકો હોય છે પરંતુ જે રસ્તે રઝળતા પ્રાણીઓ છે એમની સુરક્ષા કરવા હેતુ કોઈ નથી હોતું. વિશ્વ આખું જયારે મહામારીનો સામનો કરી રહ્યો છે, હોસ્પિટલની બહાર માણસનું જીવન બચાવવા માટે એમ્બુલન્સની લાઈનો લાગી છે, મનુષ્યનું જીવન બચાવવા માટે ઓક્સિજન ખૂટી પડ્યું છે ત્યારે આવી પરિસ્થિતિમાં પશુ – પક્ષીઓના જીવન વિશે તો કોણ વિચારે ? જો કે આ પરિસ્થતિમાં પણ ઘણી નોન ગવર્મેન્ટલ ઓર્ગેનાઈઝેશન અને પશુ ચિકિત્સકો પણ કોવિડ વોરીયર્સ સાબિત થયા છે. જે પશુ – પક્ષી રક્ષા સાથે સંકળાયેલી છે પરંતુ આટલું પુરતું નથી. જો માત્ર એક પ્રાણી, કુતરાની વાત કરીએ તો આજે શેરીએ શેરીએ કુતરા છે એક શેરીમાં આશરે ૫ કુતરાઓ હોય છે ત્યારે આવી તો કેટલી શેરી, કેટલા વિસ્તાર, કેટલા શહેર ઉપરાંત કેટલાય પ્રાણીઓ સર્વ નું રક્ષણ કરવા માટે આવી સંસ્થાઓ ખૂણે ખૂણે પહોચી શકતી નથી માટે ઈશ્વરની ભેટ સમા આ પશુ-પક્ષીઓ સ્વરૂપી કુદરતની રક્ષા કરવાની જવાબદારી આપણી પોતાની સમજીને તેમનું ધ્યાન રાખીએ. આપણા પૂર્વજો પણ કહી ગયા છે કે પહેલી રોટલી ગાયની, બીજી કૂતરાની તેની પાછળ પણ એક વૈજ્ઞાનિક સિદ્ધાંત છે, સહજીવનનાં સિદ્ધાંત મુજબ સૃષ્ટિના તમામ જીવ એકમેક પર આધારિત છે જો આપણે અન્ય જીવોનું ધ્યાન રાખીશું તો એ પણ આપણું રક્ષણ અવશ્ય કરશે.

# સુરતમાં સ્લેબ પડતા બે બાળકોનાં નિપજ્યાં કરૂણ મોત

સુરત,તા.૨૩

સુરતમાં મોડી રાત્રે ખુબ જ કરૂણ ઘટના બની હતી. ઉધના વિસ્તારના એક જર્જરિત મકાનનો સ્લેબ તુટી પડતા ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં સ્લેબ નીચે દબાઇ જવાનાં કારણે બે બાળકોનાં કરૂણ મોત નિપજ્યાં હતા. જ્યારે તેના માતા પિતાનો ચમત્કારિક બચાવ થયો હતો. ઉધનામાં એક મકાનમાં રહેતા ચાર લોકોનાં પરિવાર પર સ્લેબ પડ્યાની ઘટના અંગે માહિતી મળતાની સાથે જ ફાયર વિભાગ તત્કાલ ઘટના સ્થળે પહોંચી ગયું હતું. તમામને રેસક્યું કરીને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેના માતા પિતાની તબિયત સ્થિર છે. જ્યારે અન્ય બે બાળકોનાં કરૂણ મોત નિપજ્યાં હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, પહેલાથી જ કોરોના સામે જજુમી રહેલા સુરતમાં વધારે એક દુખદ ઘટના બની છે. ઉધના વિસ્તારમાં આવેલા અંબર નગર ખાતે એક એવી ઘટના સામે આવી જેના કારણે સમગ્ર વિસ્તારનાં લોકો સાથે ફાયર વિભાગ અને તંત્ર પણ મોડી રાત્રે દોડતું થઇ ગયું હતું. એક મકાનમાં ચાર લોકોનું પરિવાર સાથે રહેતા હતા. નરેશ ગોલીવાડનાં ગ્રાઉન્ડ સાથે બે માળના મકાનમાં મોડી રાત્રે લગભગ રાત્રીના પોણાબાર વાગ્યે ધડાકાભેર સ્લેબ ધરાશાઇ થયો હતો.

જો કે જોરદાર અવાજ આવતા પાડોશીઓ દોડી આવ્યા હતા. ફાયર વિભાગને આ અંગે જાણ કરવામાં આવી હતી. ફાયર ટીમે તત્કાલ રેસક્યું શરૂ કર્યું હતુ. કાટમાળ નીચે દટાયેલા ચાર વ્યક્તિઓને બહાર કાઢી અને હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જો કે આ ઘટનામાં જમીન પર સુતેલા બે માસુમ બાળકોનાં દુખદ મોત નિપજ્યાં હતા. જેના કારણે પરિવાર પર આભ ફાટી પડ્યું હતું.

# નકલી ઓક્સિમીટર એપ તમને બનાવે છે મૂર્ખ, તમારું એકાઉન્ટ થઈ શકે છે સફાચટ્ટ

ગાંધીનગર,તા.૨૩

ઈન્ટરનેટ પર કેટલાક લિંક્સ તમારા ઓકિસજન સ્તરને તપાસવા માટે નકલી મોબાઈલ ઓકિસમીટર એપ્લિકેશન પ્રદાન કરવાની જાહેરાત કરી રહ્યા છે. સાયબર ગુનેગારોએ કોવીડ સંબંધિત એપ્લિકેશનો બનાવવાનું શરૂ કર્યું છે. જે શરીરમાં ઓકિસજનનું સ્તર ચેક કરે છે.

લોકો આવી એપ્લિકેશન મફતમાં ડાઉનલોડ કરે છે અને તેમને લાગે છે કે તે ઝડપી અને સસ્તું છે. પરંતુ આવી એપ્લિકેશનોથી ઓકિસજનના સ્તરની તપાસ કરવી ખૂબ જોખમી છે. એકવાર વપરાશકર્તાઓ એપ્લિકેશનને ડાઉનલોડ કર્યા પછી, તે ઓકિસજન સ્તરને તપાસવા માટે ફોન લાઇટ, કેમેરા અને ફિંગર પ્રિન્ટ સ્કેનરનો ઉપયોગ કરે છે.

જ્યારે તમે એપ ઈન્સ્ટોલ કરો છો ત્યારે એપ્લિકેશન તમારા કોન્ટેક, ફોટો, ફાઈલ મેનેજરનો એક્સેસ કરવાની પરવાનગી પણ પૂછે છે. ફિંગરપ્રિન્ટ સ્કેનરની મદદથી, હેકર્સ ડેટાને ખુબ જ સરળતાથી એકસેસ કરવામાં સક્ષમ હોય છે. આ રીતે ડેવલોપર્સ એપ્લિકેશનો ડાઉનલોડ કર્યા પછી વપરાશકર્તાઓને મૂર્ખ બનાવે છે.

આવી એપ્લિકેશનો એસએમએસ ઈનબોકસ પણ વાંચી શકે છે. જેમાં તમારા બેંક એકાઉન્ટ ટ્રાંઝેકશન અને ઓટીપીનો પણ હેકર્સ ઉપયોગ કરી શકે છે. એપ્લિકેશન્સ વ્યકિતગત માહિતીને ચોરી ગૂગલપે, ફોનપે ,પેટીએમ વગેરે માટે ઉપયોગમાં લેવામાં આવતા તમારા ફિંગરપ્રિન્ટ ડેટાનો ઉપયોગ કરે છે અને આ રીતે તે, તમને ફાઈનાન્સિયલ નુકસાન પણ પહોંચાડી શકે છે.

કોઈ કપટી દાવા કરે તેવી કોઈ પણ એપ્લિકેશનને કયારેય ડાઉનલોડ કરશો નહીં. ઓક્સિમીટરકઈ રીતે કાર્ય કરે છે તે વિષે વપરાશકર્તાઓએ જાગ્રતા રહેવું જોઈએ. ઓક્સિજન લેવલ માપવા માટે કોઈપણ ઉપકરણને ફિઝિકલ ર્જીંર બ્લડ ઓક્સિજન સેન્સરની આવશ્યકતા હોય છે અને હાર્ટ રેટ વાંચવા માટે ફિઝિકલ હાર્ટબીટ સેન્સરની આવશ્યક્તા હોય છે. આ સુવિધા બજારમાં મળતા કોઈ પણ સ્માર્ટફોનમાં હોતી નથી. તમે કોઈ પણ એપ ડાઉનલોડ કરો. તે પહેલાં કાળજીપૂર્વક વિચારો અને ઈન્સ્ટોલ કરતી વખતે પરવાનગીઓની સમીક્ષા કરો

# સુપ્રિટેન્ડન્ટ વિદ્યાર્થીઓને ધમકાવે છે અને બળજબરી કોરોના વોર્ડમાં સોંપે છે ફરજ

વડોદરા,તા.૨૩

વડોદરાના ગોત્રી હોસ્પિટલમાં કોરોના વોર્ડમાં ફરજ બજાવતી ૨૨ વર્ષની ઈન્ટર્ન નેહલ રાઠવાપોતે કોરોનાથી સંક્રમિત થયા બાદ સારવાર દરમિયાન મોત નીપજતાં અન્ય વિદ્યાર્થીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો. વિદ્યાર્થીઓ એ નેહલ રાઠવાની મોત મામલે સયાજી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ને જવાબદાર ઠેરવી કાર્યવાહીની માંગ કરી છે.

વડોદરામાં કોરોના કેસ વધતાં નર્સિંગ સ્ટાફની અછત સર્જાઈ રહી છે, ત્યારે સયાજી હોસ્પિટલનું તંત્ર મેડિકલ કોલેજ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કોરોના વોર્ડમાં ફરજ સોંપી રહ્યું છે. આવી જ રીતે ફિઝિયોથેરાપી વિભાગની વિદ્યાર્થિની અને નિવાસી તબીબ નેહલ રાઠવાને પણ તંત્રએ ગોત્રી હોસ્પિટલના કોરોના વોર્ડમાં જવાબદારી સોંપી હતી. નેહલ રાઠવા (Nehal Rathava) એ તેની તબિયત સારી નથી જેથી તેને કોરોના વોર્ડમાં ફરજ ન સોંપવા માટે રજૂઆત કરી હતી, પણ હોસ્પિટલના સત્તાધીશોએ તેને સસ્પેન્ડ કરવાની તેમજ ડિગ્રી અટકાવી દેવાની ધમકી આપી ફરજિયાત ફરજ પર હાજર થવા આદેશ કર્યો હતો. જેથી નેહલ રાઠવા ફરજ પર જોડાઈ પણ કોરોના દર્દીઓની સારવાર કરતાં તે પોતે કોરોના સંક્રમિત થઈ હતી અને તેની હાલત એટલે ખરાબ થઈ કે તેનું કોરોનાથી અવસાન થયું.

જેથી નેહલને ન્યાય અપાવવા ફિઝિયોથેરાપી વિભાગના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સયાજી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ઓફિસ પર ધસી આવ્યા હતા. જયાં વિદ્યાર્થિનીઓએ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. હોસ્પિટલ મેનેજમેન્ટની હાય હાય ના નારા લગાવ્યા હતા સાથે જ નેહલ રાઠવાને ન્યાય આપો ન્યાય આપો ના નારા લગાવ્યા હતા.

સયાજી હોસ્પિટલ (sayaji hospital) ના સુપ્રિટેનડેન્ટ રંજન ઐયરની ઑફિસ બહાર વિદ્યાર્થિનીઓએ ભારે હંગામો કરી સુપ્રિટેનડેન્ટને મળવાની માંગ કરી હતી. વિદ્યાર્થીનીઓ નો આરોપ છે કે બળજબરી થી તેમને કોરોના વોર્ડમાં ફરજ સોંપાઈ છે. જે વિદ્યાર્થી ના પાડે છે તેમને સસ્પેન્ડ કરવાની અને ડિગ્રી અટકાવી દેવાની ધમકી આપે છે.

# કોરોના પોઝિટિવ ૪ વર્ષના બાળકનું આંતરડાનું સફળ ઓપરેશન

રાજકોટ,તા.૨૩

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના મોટીમારડ ગામે રહેતા ચાર વર્ષના બાળક ભરતને છેલ્લા ૩ દિવસથી તાવ, શરદી, ઉધરસ જેવી અસર થતા ડોક્ટરની દવા લીધી હતી. પરંતુ તેનાથી ફેર ના પડતાં તેઓ કોરોનાનો રિપોર્ટ કરાવ્યો હતો. જે પોઝિટિવ આવતા પરિવારજનો પર આફત વરસી પડી હતી. બાળકને ઘરમાં ક્વોરન્ટીન કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, બાળકનું પેટ ફુલી રહ્યું હતું અને વારંવાર ઉલ્ટી થવાના કારણે ડોક્ટરનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. ડોક્ટરના અભિપ્રાય મુજબ બાળકને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે રીફર કરવામાં આવ્યો હતો. અહીં ડોક્ટરોએ આંતરડાનું સફળ ઓપરેશન કરી બાળકને નવજીવન આપ્યું છે. જયારે સમરસ હોસ્ટેલમાં ૨૧ દિવસની સારવાર લીધા બાદ ૮૦ વર્ષના વૃદ્ધાએ કોરોનાને હરાવ્યો છે.

બાળકને આંતરડાના સૌથી નીચે આવેલી એપેન્ડિક્સમાં ઈન્ફેક્શન વધતું હતું. જેને કારણે પેટ ફુલવાની પણ સમસ્યા અને ઉલ્ટી પણ વારંવાર થતી હતી. રાજકોટ સિવિલના કે.ટી ચિલ્ડ્રનમાં વિભાગમાં દાખલ કરીને જરૂરી સારવાર આપીને તેના જરૂરી રિપોર્ટ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોએ ભરતના એક્સ-રે સોનોગ્રાફીના રિપોર્ટની ગંભીરતા જોઈને તુરંત જ ઓપરેશન કરવાનો નિર્ણય કર્યો. એપેન્ડિક્સમાં લાગેલું ઈન્ફેક્શન સમગ્ર શરીરમાં ન ફેલાય એ વાતને ધ્યાને રાખીને લેપ્રોટોમી (પેટ ખોલીને કરવામાં આવતું ઓપરેશન) પદ્ધતિ વડે રાત્રિના દસ વાગ્યે એક કલાકની મહેનત બાદ બાળકનું ઓપરેશન કરીને ડોક્ટર ધર્મેન્દ્રસિંહ ગોહિલે એક પરિવારના જીવનદીપને નવજીવન પ્રદાન કર્યુ છે. આ ઓપરેશનમાં ડોક્ટર અંજના તથા ડો રવિના વીંછી સહિત તમામ સ્ટાફે ખૂબ જ મહત્વનું યોગદાન આપ્યું છે.

ચાર વર્ષીય બાળક ભરતના પિતા દેવાયતભાઈ કારોતરાએ જણાવ્યું હતું કે, મારો દિકરો કોરોના સંક્રમિત થયો ત્યારે અમે ગભરાય ગયા હતા. તેમજ તેને પેટમાં દુખતુ હોય અને ઉલ્ટી થતી હતી એટલે ધોરાજીમાં ડોક્ટરને બતાવતા તેમણે રાજકોટ સિવિલ હોસ્પિટલ રીફર કર્યો હતો. સિવિલમાં જરૂરી રિપોર્ટ કરીને સારવાર કરી હતી. ઓપરેશનની વાત કરી ત્યારે અમે ખૂબ જ ડરી ગયા હતા. ડોક્ટરે બધુ સમજાવ્યું અને અમારી બીક દૂર કરીને ઓપરેશન કરીને અમારા દીકરાને નવી જિંદગી આપી છે. ડોક્ટરનો આભાર માનીએ એટલો ઓછો છે. અહીંયા અમને ખૂબ જ સારી સારવાર અને સેવા આપવામાં આવે છે. ચોખ્ખાય અને સ્વસ્થતા એકદમ સારી છે. ખાનગી હોસ્પિટલમાં મળે એના કરતાંય સારી સુવિધા ઉપલબ્ધ છે.

CYMK

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચના રજૂ કરવામાં આવે છે.

વિષય : આપણ જીવન નો યાદગાર રમૂજ પ્રસંગ- .દિવસ - ૫

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ,
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

NOG સાહિત્ય સરિતા (૧)

NOG SS No.0059.

વિષય:'જીવનની રમૂજી ઘટના'
વિભાગ:ગદ્ય.ઘટના લેખ.
શીર્ષક "મિત્રતાની મીઠાશ.
શબ્દો: ૨૯૦.

"મિત્રતાની મીઠાશ"

એક સ્કૂલ,એક ધોરણ,
મિત્ર કાન્તિ કોઠારીનું ઘર
મારા ઘરથી ફક્ત ત્રણ જ મિનીટ દૂર. વહેલી સવારના ૭.૩૦ કલાકે તેની મારાં ઘરે અચૂક હાજરી.

અમે બન્ને સાથે જ સ્કૂલમાં જઈએ. કલાસમાં તે પ્રથમ બેન્ચ ઉપર બેસે અને હું L.L.B.નો સ્ટુડન્ટ તેથી લાસ્ટ બેન્ચ ઉપર.

ગુરુવાર સવારે સાત વાગ્યે કાન્તિ પેકેટ સાથે મારાં ઘરે આવી પહોંચ્યો, મેં પુછ્યું,"ભાઈ
આજે વંહેલી પધરામણી ?"

મારાં હાથમાં, પેકેટ પકડાવતાં બોલ્યો, "સવારે મુંબઈથી મામા આવ્યાંછે, તારાં માટે આ હલવો મોકલ્યો છે. આજે હું સ્કૂલમાં નહીં આવું."તેમ કહી જતો રહ્યો.અમો મિત્રોનો હલવાનાં બોક્ષનો વાર્તાલાપ સાંભળી,મારી બા રસોડામાંથી બહાર આવી.બોક્ષ કબ્જામાં લઈ બોલી," નિશાળેથી આવ્યાં બાદ ખોલવાનું છે."સાથે મોટાં અવાજે જણાવ્યું,"બધાનાં સરખાં ભાગ પાડીને ખાવાનું છે ,શું સમજ્યો?"

બા ની વાત પણ સાચી હતી, હું બચપણથી મિઠાઈનો પ્રેમી.સંબંધમા કાન્તિના સગાં મામા, મારાં સગાં માસા થતાં હતાં. સ્કૂલની છૂટ્ટી પડતાં જ દોડીને મારું ઘરે પહોંચવું. બાને સમજાવીને હલવાનું પેકેટ લીધું. બોક્ષ ખોલતાં જ મારી આંખે અંધારા આવ્યાં. "અરે! હલવાની
જગ્યાએ, અહીં તો તૂટેલાં અરીસાનાં કાચ છે". બા પણ મારી બૂમ સાંભળી દોડી આવી, દ્રશ્ય જોતાં જ તે પણ અવાક ! પરિવાર માટે એકજ વિષય ચર્ચા ચાલુ હતી ત્યાં જ કાન્તિનું આગમન.મારી પાસે આવી પૂછ્યું,"બેટમજી,હલવો એકલો ખાધોને ?" તૂટેલાં કાચના ટુકડાઓ પકડાવતાં મેં કહ્યું,"તું પણ ખા!"

કાન્તિએ મમ્મી નજીક બેસી તેનાં પપ્પાથી, અરીસો કેમ કરતાં તૂટ્યો, હાવભાવ સાથે વાત કરી. સાથે આજે પહેલી એપ્રિલ હોવાથી બેટમજીને ઝપટમાં લેવાનો પ્લાન બહેને ગોઠવી આપ્યો હતો.

એક હલવાનુ પેકેટ મમ્મીના હાથમાં સોંપ્યું . મમ્મીએ જાતેજ પેકેટ ખોલી કાન્તિના મુખમાં હલવાનો મોટો ટૂકડો મૂકી આશિષ આપ્યાં. ઘરનાં સાથે હું પણ કાન્તિને વળગીપડ્યો .નુકસાનમાં
પણ આનંદ ગોતી કાઢ્યો હતો, તેનાં ખોબલે ખોબલે અભિનંદન આપ્યાં.

હલવાની વાત થાય ત્યાંરે કાન્તિ કોઠારીની મીઠી યાદ આવેછે .

જયકાન્ત ઘેલાણી. 'પ્યારે'

---

NOG SS No ; 0001

વિષય :-- યાદગાર રમૂજી પ્રસંગ
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :- " હર એક પળ આનંદનો ઉત્સવ "

જીવન એ એક ખરેખર આનંદનો ઉત્સવ છે. જીવન એક મહોત્સવ છે. આપણાં જીવનમાં ઘણાં એવા પ્રસંગો બનતાં હોય છે જે રમૂજી હોય છે અથવા કહોકે અનાયાસે બની જતી એવી કોઈપણ ઘટના રમૂજી પ્રસંગ બની જાય છે.

જેમકે હું અને મારી પત્ની સ્કૂટર પર બજારમાં ગયા અને રસ્તામાં બે આખલાનાં યુદ્ધને કારણે મેં સ્કૂટર ઉભું રાખ્યું અને મારી પત્ની સ્કૂટર પરથી ક્યારે ઊતરીને રોડની સાઈડમાં જઈને ઊભી રહી એની મને ખબર જ ના રહી અને
મેં તો સ્કૂટર મારી મૂક્યું. મોલ પાસે જઇને ઊભો રહીને પત્નીને સૂચના આપવા લાગ્યો ને પાછું વળીને જોયું ત્યારે ખબર પડી કે સીટ ઉપર તો એ હતી જ નહીં !

આવાં તો ઘણાં પ્રસંગો જીવનમાં બને અને બનતાં જ રહેતાં હોય છે. પણ જીવનનો જો સાચો આનંદ માણવો હોય તો જીવનને જ એક ઉત્સવની જેમ જુઓ અને માણો.જો એને કામની જેમ ગણીશું તો એ એક બોજ બની જશે અને આખી જિંદગી ઉચાટ, ચિંતા અને તાણમાં જ જીવીશું. કામ કરવું જરૂરી છે પણ કામને બોજના બદલે એક ઉત્સવની જેમ ઉજવીશું તો દરેક પળ એક ઉત્સવ બનીને જીવન પુલકિત બની જશે.

કામ કરતાં કરતાં ખુશ થાઓ તો ગીતો ગાઓ કે નાચો ઝુમો અને પછી જુઓ એ પળ તમારા માટે કેટલી સુવર્ણ પળ બની જશે ! ફૂલ રોજ ખીલે છે, એ હારમાં પરોવાય છે, માથાની વેણી બને છે, ચરણોમાં પણ ફૂલ ચડાવાય છે અને માનવની અંતિમયાત્રામાં પણ એનાં નશ્વર દેહ ઉપર હાર પહેરાવાય છે. પણ આ બધાનાં અંતે તો એનું કરમાઈ જવું ને પછી એનું સ્થાન કચરાપેટીમાં કે ગટરની ગંદકીમાં વહી જવુંપ.! છતાંય ફૂલ સદાય ખીલે છે હસે છે અને મહેંક પણ આપે છે. દરેક સવાર એની માટે ઉત્સવ જ છે. કુદરતે બનાવેલ પશુ, પંખી , વનસ્પતિ કે પછી ચાંદો, સૂરજ, તારા કે હવા, પાણી. આ બધાંજ બીજાં માટે જ સજીવ રહે છે. જેમ દીવો બળી ને બીજાંને તેજ આપે.તેમ છતાંયે એક ઉત્સવભર્યા જીવનની જેમ છે જ સદાય ખુશખુશાલ ! બસ આપણે પણ મીરાં કે નરસિંહ મહેતાની જેમ દરેક પળને કૃષ્ણમય બનાવીને ઉત્સવ માનીને જીવીશું તો હરપળ ખુશહાલ રહીશું. સંગીતમય , કૃષ્ણમય, નૃત્યસભર જીવવાની ટેવ કેળવીશું તો જીવનને પણ અલૌકિક આનંદથી સુશોભિત કરી દઈશું. બિનજરૂરી કામનાં ભારણનાં ઊંડાણમાં એટલાં ના ડૂબીએ કે જીવન જ એક બોજારૂપ લાગે. જો વધુ આનંદમગ્ન , પ્રફુલ્લિત , અને ઉલ્લાસભરી જિંદગી જીવીશું તો દરેક સમસ્યા , ચિંતા જતી રહેશે. એટલેજ હું મારા જીવનમાં અનેક કામનાં ભારણ વચ્ચે પણ મારાં આ સાહિત્ય પરિવારની સાથે હર એક પળ ઉત્સવની જેમ જીવું છું. એટલે જ હું હંમેશાં આપ સૌની સાથે છું. બસ ,આ જ મારાં જીવનનાં યાદગાર આનંદનાં ઉત્સવ સમું જીવન છે. જે આપ સૌની સાથે છે.જાણે ,
" હર એક પળ આનંદનો ઉત્સવ ".

પ્રદિપ રાવલ ' સંચાલક '.

---

NOG SS NO. 0055

વિષય : યાદગાર રમૂજી પ્રસંગ
પ્રકાર : ગદ્ય
શીર્ષક : " ઓક્સીજન કેટલો...? "

સમગ્ર દુનિયાની આયુર્વેદિક ઔષધિ અને વિશ્વમાં અસ્તિત્વ ધરાવતા તમામ રોગોનો ઈલાજ જાણતાં અમારી સોસાયટીના કરશનકાકા જ્યારે કોરોના પોઝિટિવ આવ્યા ત્યારે ઘરે ઘરે એક જ ચર્ચા ચર્ચાઈ રહી હતી, કે કરશન કાકા જેવા વ્યક્તિને જો કોરોના થાય તો આપણી શી ઓકાત ??

અંતે શાહી સવારી હોસ્પિટલ પહોંચી, અતિ ઉત્સાહી એવા ઘણાં જુવાનિયાઓ ગેલેરીમાંથી વિડિયો લેવા લાગ્યાં. દુનિયાની તમામ બિમારી ફક્ત અને ફક્ત પિત્ત પ્રકોપથી થાય છે એવું માનતાં કાકા કોરોનાથી હવે ખરેખર ડ ર ી ગયા . એમણે એમની રીતે એક માહિતી મેળવી લીધી હતી કે ઓક્સીજન લેવલ જો બરાબર તો જ બચી શકાય એટલે કે ૯૫ ની આજુબાજુ રહે તો બહુ સારું કહેવાય અને બચી પણ જવાય.

હવે મધરાતે વોર્ડમાં લગભગ બધાં સૂઈ ગયાં ત્યારે એમણે પોતાનો ઓક્સીજન જાતે જ માપવાનું નક્કી કર્યું, પે ' લું..ઓક્સીજન માપવાનું નાનું એવું મશીન છોકરાએ હોસ્પિટલ જતાં સમયે હાથમાં પકડાવ્યું હતું. બરાબર રાતના બે વાગ્યા અને કરશન કાકા એ કાળી ચીસ પાડી, " ઓય ...માડી, હવે તો હું ગયો ..." બધાં જાગી ગયાં અને આંખો ફાડીને તેમની સામે જુએ, વોર્ડ બોય પણ દોડતો આવ્યો અને કહે " થયું શું કાકા? " કાકા કહે , " મારું ઓક્સિજેન તો ૬૯ થઈ ગયું , હવે હું નો ' બચું" કહેતાં જાણે પોક મૂકી.

વોર્ડ બોય કહે " કાકા, આ ૬૯ નથી પણ ૯૬ છે, આમાં સામેવાળી વ્યક્તિને વાંચવાનું હોય, છાનાં માનાં સૂઈ જાવ,કાલે તમને રજા આપવાની છે."

કરશન કાકાને જબરી હાશ થઈ અને અમે બધાંએ જાણ્યું ત્યારે સૌ હસી હસીને બેવડ વળ્યાં...

આજે એ ય ને કાકા સહીસલામત પાછાં આવ્યાં અને મળે ત્યારે સૌ પૂછે, " કાકા, ઓક્સીજન કેટલો ? " કાકા કહે " જીવતાં રહીએ એટલો...."

શ્રદ્ધા ભટ્ટ,વાપી

---

NOG: NOG SS :- 0038

પ્રકાર - ગદ્ય
શીર્ષક :- કંસાર

મારાં લગ્નની તારીખ નક્કી થતાં જ મમ્મી કહે,"આપણા સમાજમાં રિવાજ છે કે વહુ ઘરમાં આવે એટલે બીજે દિવસે એ રસોડામાં કંસાર અથવા ફાળા લાપસી બનાવે ,ભગવાનનો થાળ થાય. ચાલ બેટા તને શીખવું."

મારે તો પરીક્ષા પૂરી થયે હજુ બે દિવસ થયેલા ને મમ્મી રસોડામાં લઈ ગઈ, મગજ તો સહેલીઓ સાથે ફિલ્મ જોવા જવાનું હતું એમાં હતું.મમ્મી તો ખુશ કે ,મારા દિકાને
આવડી ગયું કંસાર ને ફાળા લાપસી..

લગ્ન કરીને ગઈ તો સવારે મારા ઊઠવાની રાહ જોતાં મારાં સાસુમા બોલ્યાં ,"બેટા, જલ્દી નાહીને તૈયાર થઈ જા. આજે તારે તારાં હાથે કંસાર બનાવવાનો છે."મને તો પરસેવો
છૂટવા લાગ્યો ઘર આખું મહેમાનોથી ભરેલું ને જો નહીં આવડે તો મારી શું હાલત થશે.હું તો ફટાફટ તૈયાર થઈ ગઈ ને ઘરના પાછળના ભાગમાં દોડી...કારણ કે, મને સાસુમા જોઈ ના જાય .

મેં એક છોકરાને કીધું ,"જા તારા ભાઈને બોલાવી લાવ કહેજે, ભાભી બોલાવે." મારા પતિદેવનું નામ જયેશ એ સંદેશો મળતાં તરત આવ્યાં. હું તરત બોલી, " જયેશ તમને કંસાર આવડે? " એ તો નવાઈ પામતાં બોલ્યાં",તું અત્યારે આ પ્રશ્ન કેમ પૂછે ? જો મને માત્ર રસોડે પાણી પીવા સિવાય કંઈજ નથી આવડતું."

મેં મારી આપવીતી કહી સંભળાવી તો જયેશ હસવા લાગ્યાં. મારે માટે તો એ ઘરમાં જયેશ જ દોસ્ત હતાં કારણ અમે એક સ્કૂલમાં ભણેલા એટલે મને એમની આગળ ખરાબ લાગશે એવો ભય નહોતો.

જયેશ કહે, જો હું કહું એમ કર, દાદીને હમણાં જ તૈયાર કરી વાડીએ બેસાડ્યાં છે જો સામેજ.તું દાદીને પગે લાગી એટલુંજ બોલજે દાદી,હું કંસાર બનાવી હમણાં આવું.પછી તું જોજે દાદી બધું જ એમની મેળે કહી દેશે."

હું ગઈ દાદીને પગે લાગી કહ્યું," દાદી ,કંસાર બનાવી પછી આવું હો." દાદી કહે ,"બેટા, સાંભળ! મુઠ્ઠી જ કંસાર બનાવજે...આ તો ભગવાનના થાળ માં મૂકવા. બાકી બધાંની રસોઈ ત્યાં મોટા રસોડે બને છે.એક નાનો ગ્લાસ પાણી મૂકજે... ઊકળે એટલે સકનનો ગોળ નાંખવાનું ના ભૂલતી અને હા, બેટા થોડું તેલ બરાબર નાંખજે સરસ છુટ્ટો થઈ જાય.પછી ઘી ને ખાંડ તો છેલ્લે નંખાશે."

મનમાં વિચાર આવ્યો, આ લોટ શેનો લેવાનો હશે ?મેં કહ્યું," દાદી ,લોટ..."તો દાદી બોલ્યા ,"ઘઉંનો જાડો લોટ ત્યાંજ હશે કબાટમાં..."હું તો માથું હલાવી ભાગી..રેસિપી ભૂલી જાઉં એ પહેલાં કંસાર બનાઈ દીધો.સાસુમા આવ્યાં ને પાછળ જયેશ પણ આવ્યાં...સાસુમા કહે,"અરે બેટા! તે તો સરસ કંસાર બનાવી દીધો .હું વિચારતી હતી તું તૈયાર થાય એટલામાં હું આવું, તને બતાવું બધું...તું ભણતાં ભણતાં આવી છતાં સરસ બનાવ્યો."

હું ને જયેશ એકબીજાની સામું જોઈ હસી પડ્યાં.

શીલા પટેલ "આકાંક્ષા"

---

NOG SS No-0011

સાહિત્ય સરિતા
વિભાગ- ગદ્ય
પ્રકારઃ- વાર્તા
શબ્દ/ વિષયઃ- યાદગાર રમૂજી પ્રસંગ
શીર્ષકઃ- મામાને ઘેર...

અમદાવાદની શાળાઓમાં વેકેશન પડતાં ધવલ,રેશના ને સારાંશ મામાનાં ઘેર પહોંચ્યાં.

તેઓનાં પહોંચતાં જ કોલાહલ ને શોરબકોરથી આખું ગામ ગાજવા લાગ્યું.

બીજાં દિવસે ધવલ ભેંસને જોઈ ખુશ થતો ઘાસ ખવડાવવા લાગ્યો. ભેંસ ઓળખતી હોય તેમ માથું ડોલાવતી ઘાસ ખાતી ને ભાંભરવા લાગી.

ધવલ મ્યુઝિક વગાડીને ડિસ્કો સાથે ભેંસને ઘાસ ખવડાવવા લાગ્યો. અચાનક જ હાથમાં પહેરેલું સ્ટીલનું કડું ભેંસનાં વાંકડિયા શીંગડાંમાં ભરાઈ ગયું.

ધવલનું કડું શીંગડાંમાં ફસાતાં હાથ જોરજોરથી પોતાની તરફ ખેંચવા લાગ્યો. આજુબાજુ ઊભેલાં મામાનાં છોકરાંઓને ડિસ્કો કરતો હોય તેવું લાગ્યું. ભેંસ કડું કાઢવાં ને ઘાસ ખાતાં ડિસ્કો કરતાંનું દ્રશ્ય જોઈને તાલી પાડીને ખડખડાટ હસવા લાગ્યાં.

અંતે ધવલ રડવા લાગ્યો.

એટલામાં મામા- મામી ઘેર આવતાં ભેંસનાં માથે હાથ ફેરવીને ધવલનું ફસાયેલું કડું બહાર કાઢ્યું.

તે દિવસે સાંજે રેશના મામાની છોકરી કૃપા તેની બહેનપણીઓ સાથે વાડામાં ઘઉંનાં ઘાસનાં પૂળાનાં ઢગલા પાસે રમતી હતી.

એ સમયે રેશનાને હોળીની રમત રમવાનું મન થયું. તેણે કૃપાને કહ્યું," હું પ્ર□ાદ બનું ને તું હોલિકા. ઘરમાં જઈને દીવાસળી લાવ."

કૃપા દોડતી દીવાસળીનું ખોખું લેવાં દોડી. કૃપાએ દીવાસળીની ખૂબ શોધખોળ કરી પણ દીવાસળી ન મળી.

તે નિરાશા ચહેરે પાછી ફરતાં જુએ છે કે રેશના પૂળાનાં ઢગલાં પર બેઠી હતી.

(કૃપાને જોઈ) રેશના કહે," જલ્દી આવ, હોલિકા બની જા."

કોલાહલ સાંભળીને આજુબાજુવાળા દોડી આવ્યાં ને આગ ન લાગે એ રીતે તેઓને બહાર કાઢે છે.

બીજા દિવસે સારાંશ મામા-મામી સાથે ખેતરમાં ફરવા ગયો.

ખેતરની પાળે ચાલતાં ચાલતાં સારાંશ બે વખત લપસી ગયો.

મામા કહે," સારાંશ ક્યાં ગયો?"

સારાંશ ખેતરની પાળ પર જાણે દોરડાં પર ચાલતો હોય તેમ ચાલતો હતો. આ જોઈને મામા- મામી ખૂબ હસવા લાગ્યાં.

વળતાં ઘેર તેઓને બળદગાડામાં બેસીને જવાનું હતું.

વાંકા-ચૂકા ને ઉબડખાબડ પથરાળ રસ્તા પર બળદગાડું હાલકડોલક થતાં મજા આવી ગઈ. તે મામાની પાસેથી ઊભો થઈ છેક પાછળ જતો રહ્યો.

ત્યાં જતાં જ વધારે હાલકડોલક થવા લાગ્યો. એની મસ્તીથી મામા મામી ને સારાંશ ખડખડાટ હસવા લાગ્યા.

એટલામાં તેને ચક્કર આવ્યાં.

મામાને થયું," તેને મજા આવી એટલે આવું કરે છે."

થોડીવારમાં તે નીચે ગબડતો ગબડતો સીધો મામાની આગળથી બળદની આગળ આવી ગયો. તરત મામાએ બળદની નાથ ખેંચતાં જ બળદ ઊભાં રહ્યાં.

ત્યારથી સારાંશે નાટક કરવાનું છોડી દીધું.

મામા- મામીએ ઘેર આવીને ભાણીયાઓની કરતૂત તેઓનાં મમ્મી ને પપ્પાને કહેતાં બધાં હસવા લાગ્યાં.

મનોજકુમાર પંચાલ, 'મન', પાલનપુર

# રાજપીપળા કોલેજ હોસ્પિટલમાં છેલ્લા ૨૧ દિવસમાં ૫૮ દર્દીઓના મોત વૈષ્ણવ સમાજે અંતિમવિધિ કરી

## સરકારી આંકડા અને વાસ્તવિક આંકડા માં ભારે તફાવત સરકારી ચોપડે માત્ર ત્રણ જ મોત થયા છે!

રાજપીપળા,તા. ૩૦

રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં કોરોના ખૂબ જ ઝડપથી પ્રસરી રહ્યો છે.જેમાં એપ્રિલ મહિનામાં રાજપીપળા કોવિડ હોસ્પિટલમાં મૃત્યુ આંક પણ વધ્યો છે.જેમાં ૨ એપ્રિલથી ૨૧ એપ્રિલ સુધીમાં રાજપીપળા કોવીડ હોસ્પિટલમાં ૫૮ જેટલા દર્દીઓના મોત થયા છે.એ બાબત અગત્ય ગંભીર કહી શકાય જોકે સરકારી ચોપડે માત્ર ત્રણ જ મોત દર્શાવ્યા છે.

મૃત્યુ પામેલા દર્દીઓના અંતિમ સંસ્કાર માટે વૈષ્ણવ-વણીક સમાજ રાજપીપળા એ જવાબદારી સંભાળી માનવતાનું કામ કરે રહ્યા છે. ત્યાં આ તમામના રાજપીપળા કોવીડ સ્મશાનમાં અંતિમ સંસ્કાર થયા છે.ત્યારે આવી માનવતા ભરી જવાબદારી સંભાળનાર રાજપીપળા વૈષ્ણવ વણિક સમાજના યુવાનો હાલની વિકસ સ્થિતિમાં ન્યાત જાતના ભેદભાવ વિના સાચે જ એક ઉમદા કાર્ય કરી રહ્યા છે.જે બિરદાવવા લાયક છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

DR.Tushar PATEL Jupitar Hospital-Vadodara

દરેકને વિનંતી છે કે પહેલા કરતા વધારે
સાવધ રહો
શહેરોમાં હોસ્પિટલમાં કોઈ સ્થાન નથી,
ઓળખના બધા પૈસા ઉપયોગી નથી!
ફક્ત અને ફક્ત સ્વ રક્ષણ
એ એકમાત્ર રસ્તો છે...
કુટુંબના બધા સભ્યો કૃપા કરીને નોંધોઃ
૦૧ ખાલી પેટ ન હોવું જોઈએ
૦૨ ઉપવાસ ન કરો
૦૩ કલાક એક કલાકની તડકો
૦૪ એસી ★ નો ઉપયોગ કરશો નહીં
૦૫ ગરમ પાણી પીવો, ગળું ભીનું રાખો
૦૬ નાકમાં મસ્ટર્ડ તેલ લગાવો
૦૭ ગૂગલને ઘરેલુ કપૂરમાં બાળી ધૂપ કરવો
દરેક શાકભાજીમાં અડધો ચમચી સૂંઠ નાખવી
૦૯ તજનો ઉપયોગ કરો
એક કપ દૂધમાં અડધી
ચમચી હળદર પીવો
જો શક્ય હોય તો, એક ચમચી ચવ્હાણપ્રશ ખાઓ.
૧૨ કપૂર અને લવિંગને ઘરમાં ઉમેરો અને ધૂપ કરવો
૧૩ સવારે ચામાં લવિંગ પીવો
૧૪ ફળોમાં માત્ર નારંગીનો જ ઉપયોગ કરવો
૧૫. આમળાને કોઈપણ સ્વરૂપમાં અથાણું, જામ, પાવડર વગેરે ખાવા જોઈએ.

જો તમે કોરોનાને હરાવવા માંગતા હો, તો કૃપા કરીને આ બધું કરો.

હાથ જોડીને પ્રાર્થના, આ માહિતી જેઓ તમને પણ ઓળખે છે તેમને મોકલો

દૂધમાં હળદર તમારા શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધારશે.

હું દરેકને અપીલ કરું છું કે આ પોસ્ટને શક્ય હોય ત્યાં સુધી શેર કરો .

## આત્મનિર્ભર ભારત

૧) ઈન્જેકશન જાતે શોધો.
૨) વેન્ટીલેટર જાતે શોધો.
૩) બેડ જાતે શોધો.
૪) દવા જાતે શોધો.
૫) ઓક્સિજન જાતે ?શોધો.
૬) સ્મશાન જાતે શોધો.
૭) ધંધો રોજગાર જાતે? બંધ રાખો

શરમ કરો હરામ ખોર નેતાઓ માત્ર મત મેળવવા માટે જ પ્રજા સુધી પહોંચો છો...તમારી લોકો માટે કોઈ ફરજ નથી!!!

વિકાસ અને પ્રગતિ ના નામે દેશ ની પથારી ફેરવી નાખનારા નેતાઓ તમારો ઉપર વાળા દ્વારા અચૂક ન્યાય થશે...






અમદાવાદ સરસપુર માં માનવતા મરી પરવારી, શારદાબેન હોસ્પિટલ બહાર કોરોના પોઝિટિવ પુત્ર સાથે માતા રોડ પર બેઠી હોવાનો વીડિયો વાઇરલ, હોસ્પિટલ તંત્ર તરફથી ગાઈડલાઈન મુજબ ૧૦૮માં જ દર્દીને લાવશો તો જ દાખલ કરીશું. હોસ્પિટલના દરવાજા બંધ કરી દેવાયા.

**વૈશ્વિક કોરોના મહામારી ની પ્રવર્તમાન પરિસ્થિતિ ની જિલ્લા પ્રભારી સચિવ હૈદર યોજેલી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક**

# નર્મદા જિલ્લામાં કોવિડ હોસ્પિટલની પ્રારંભિક ૧૦૦ની બેડ ક્ષમતા પાંચ ગણી કરવાના દ્રઢ નિર્ધાર સંદર્ભે જિલ્લામાં ૪૧૦ બેડની સુવિધા ઉપલબ્ધ

રાજપીપલા,તા.૨૩

નર્મદા જિલ્લાના પ્રભારી સચિવ અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમના મેનેજીંગ ડિરેક્ટર તથા કોવિડ-૧૯ માટે નર્મદા જિલ્લાની વિશેષ જવાબદારી સંભાળી રહેલા એસ.જે. હૈદરે આજે વૈશ્વિક કોરોના મહામારી સંદર્ભે નર્મદા જિલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતિની સમીક્ષા માટે જિલ્લા કલેક્ટર ડી.એ. શાહ, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એલ.એમ. ડિંડોર, નિવાસી અધિક કલેક્ટર સહિત જિલ્લા આરોગ્યતંત્રના વરિષ્ઠ તબીબી અધિકારીઓ સાથે આજે રાજપીપલા કલેક્ટરાલય ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા સહિત સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. અને જિલ્લા પ્રશાસનને જરૂરી સુચનો સાથે જરૂરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતુ.

જિલ્લા પ્રભારી સચિવ એસ.જે. હૈદરના અધ્યક્ષસ્થાને રાજપીપલા કલેક્ટરાલય ખાતે યોજાયેલી ઉક્ત બેઠકને સંબોધતા હૈદરે જણાવ્યું હતુ કે, રાજપીપલાની આયુર્વેદિક કોલેજ ખાતેની કોવિડ-૧૯ હોસ્પિટલની ૧૦૦ બેડની ક્ષમતાને પાંચ ગણી કરવાના દ્રઢ નિર્ધાર સંદર્ભે રાજપીપલાની આયુર્વેદિક હોસ્પિટલ ખાતે હાલમાં વધુ ૧૦૦ બેડની ક્ષમતા સાથે ૨૦૦ બેડ, જિલ્લાના ચાર સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૦૦ બેડ, ૪ ખાનગી હોસ્પિટલો ખાતે ૧૧૦ બેડની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે, જ્યારે જરૂરીયાત મુજબ વધુ ૯૦ બેડની સુવિધા ખાનગી હોસ્પિટલો ખાતે ઉભી કરવાની કાર્યવાહી પણ હાલ પ્રગતિ હેઠળ હોવાનું હૈદરે ઉમેર્યું હતું. તેવી જ રીતે જિલ્લામાં શરૂઆતની કોવિડ કેર સેન્ટરની ૧૫૦ બેડની ક્ષમતા વધારીને ૧ હજારની કરવાના લક્ષ સાથે જિલ્લામાં ૯ કેન્દ્રોમાં કોવિડ કેર સેન્ટર કાર્યરત કરાયાં છે દરેક તાલુકામાં ૫૦ બેડની ક્ષમતા-સુવિધા ઉપલબ્ધ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના જે તે તાલુકા વિસ્તારના હળવા લક્ષણો વાળા દરદીઓ ( માઈલ્ડ કેસીસ કિસ્સા ) ને જે તે તાલુકામાં જ જરૂરી સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરાઈ છે.

જિલ્લા પ્રભારી સચિવ એસ.જે. હૈદરે બેઠકમાં ચર્ચા દરમિયાન જણાવ્યું હતું કે, રાજપીપલા ખાતે આરટીપીસીઆર ટેસ્ટની સુવિધા માટે જરૂરી સાધનો ઉપલબ્ધ થયેલ છે. નર્મદા જિલ્લાના આયુષ ડૉક્ટર, સ્ટાફ નર્સ સહિતનો વડોદરા ખાતે ડેપ્યુટેશનમાં મુકાયેલો મેડીકલ સ્ટાફ પણ જિલ્લાને પરત મળી ગયેલ છે અને જિલ્લામાં તેમની સેવાઓ લેવાઇ રહી છે.

રાજપીપલાના સ્મશાનગુહમાં ઈલેક્ટ્રી ભઠ્ઠીની સુવિધા, જિલ્લાના દરેક ગામમાં પલ્સ ઓક્સીમીટરની સુવિધા ઉપલબ્ધ કરવાં,દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ઓક્સીજનની સુવિધા ઉપલબ્ધ કરવાં, ૧૦૮ એમ્બુલન્સ આરોગ્ય સેવકોને જિલ્લાની અને નજીકની કોવિડ હોસ્પિટલોમાં ઉપલબ્ધ ખાલી જગ્યાઓથી વાકેફ કરવાં, આરોગ્ય ટુકડીઓની સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવી, જરૂરી વિટામીનની ગોળીઓ દવાના ફિક્સ પેકેટ વિતરણ કરવાં, જરૂર પડે નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોવિડ કેર સેન્ટરમાં સંબંધિત દરદીને તુરંત જ સારવાર મળી રહે તે અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરાઈ હતી. અને તેના અમલીકરણ માટે જિલ્લા આરોગ્યતંત્રને આ બેઠકમાં સુચના અપાઇ હતી.




સિવિલ સર્જન ડૉ.જ્યોતિબેન ગુપ્તાએ બેઠકમાં ચર્ચા દરમિયાન જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલના ઓક્સિજનના ૭૦ જુના મોટા સિલીન્ડર ઉપરાંત ૫૫ નવાં ઓક્સિજન સિલીન્ડરની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે, જ્યારે નવા ૧૨૦ સિલીન્ડરનો ઓર્ડર અપાયેલ છે.

એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ.આર.એસ. કશ્યપે જણાવ્યું હતું કે, કોવિડ કેર સેન્ટરોમાં ૪૦૦ બેડની વ્યવસ્થા હતી તેને ૧ હજાર બેડ સુધી લઈ જવામાં આવશે તેમજ સરકારી અને ખાનગીમાં જ્યાં ૧૦૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે ત્યાં ૫૦૦ બેડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે તેની સાથોસાથ દરેક તાલુકાકક્ષાએ ઓક્સીજનની સુવિધાવાળા ૨૦ બેડની સુવિધા ટુંક સમયમાં ઉપલબ્ધ કરાશે જિલ્લામાં ૨૫ જેટલાં ધન્વંતરી રથ ઉપરાંત ,પીએચસી, સીએચસી એસડીએચ સહિત જિલ્લાના કુલ-૩૪ જેટલા કેન્દ્ર ખાતે એન્ટીજન, આરટીપીસીઆર ટેસ્ટની કામગીરી કરવામાં આવી રહી છે તે સિવાય ૧૨ જેટલાં વિવિધ કેન્દ્રો ખાતે એન્ટીજન, આરટીપીસીટીની સાથે વેક્સીનેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આશા, આરોગ્ય વર્કરોની ટીમો બનાવીને તે ગ્રામ્ય-શહેરી વિસ્તારોમાં ડોર ટુ ડોર સર્વે કરશે અને વધુ લક્ષણો જણાશે તો તેવા દરદીઓને પીએચસી અથવા સીએચસી ખાતે સારવાર પુરી પાડવામાં આવશે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

## નર્મદા જિલ્લામાં બોગસ તબીબોની ભરમાર

# નાંદોદ તાલુકાના ઓરી ગામેથી વધુ એક બોગસ તબીબ ઝડપાયો

રાજપીપલા, તા,૨૩

નર્મદા જિલ્લામાં બોગસ તબીબો દેડકાની જેમ ફૂટી નીકળ્યા છે. નર્મદા મા વધતી જતી બોગસ તબીબોની ભરમાર ચિંતાનો વિષય બન્યો છે. ખાસ કરીને કોરોના જેવી મહામારી મા ગ્રામ્ય વિસ્તારોમાં પોતે ડોક્ટર ન હોવા છતાં દર્દીઓના આરોગ્ય સાથે ચેડા કરી એલોપથી ની પ્રેક્ટિસ કરતા જોવા મળી રહ્યા છે નર્મદામા એક પછી એકબોગસ તબીબો ઝડપાઇ રહ્યા છે. ગઈકાલે નાંદોદ અને દેડિયાપાડા તાલુકામાથી ત્રણ બોગસ તબીબો પકડાયા બાદ આજે નાંદોદ તાલુકામાંથી વધુ એક બોગસ તબીબ ઝડપાયો છે. જેમાં આજે નાંદોદ તાલુકા ના ઓરી ગામેથી વધુ એક બોગસ તબીબ ઝડપાયો છે બે દિવસ મા ચાર બોગસ તબીબો ઝડપાયા છે

પ્રાપ્ત માહિતી અનુસાર આમલેથા વિસ્તારમાં બોગસ સર્ટીના આધારે તબીબી સારવાર કરતા ડોક્ટરને ઝડપી એસ.ઓ.જી. તથા એલ.સી.બી નર્મદાપોલીસે ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



જેમાં એમ.બી ચૌહાણ, ઇ.ચા. પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી.નર્મદાએ એસ.ઓ.જી તથા એલ.સી.બી. સ્ટાફના પોલીસ માણસો સાથે પી.એચ.સી સિસોદ્રા ના ઇ.ચા. મેડીકલ ઓફીસર ડો. ડો.દિવ્યાબેન મહેશભાઈ ખેરને સાથે રાખી આમલેથા પો.સ્ટે. વિસ્તારના ઓરી ગામના શાસીજી ફળિયા ખાતે એક ઇસમ પોતાના મકાનમાં તબીબી ડીગ્રી અને લાયકાતના સર્ટી વગર દવાખાનું ખોલી તબીબી પ્રેક્ટીસ કરતા હોવાની બાતમીના આધારે રેડ કરી હતી. જે મુલ્કીરાવત મંશીરાવત બિંદ (રહે. ઓરી શાસીજી ફળિઆ તા.નાંદોદ જી-નર્મદા મુળ રહે. ભાઠા તા, માજી જી. છપરા( બિહાર )હોઈ પોતે દવાખાનું ચલાવતો હોવાનું જણાઇ આવેલ.આ ઇસમને મેડીકલ ડીગ્રી કે સર્ટી અંગે પુછપરછ કરતાં આવા કોઈ સર્ટી નહી હોવાનું જણાવતા ધી ગુજરાત મેડીકલ પ્રેક્ટીશનર એક્ટ-૧૯૬૩ ની કલમ ૩૦ તથા ૩૫ મુજબ એલોપેથીક ટેબલેટો, સીરપની બોટલો તથા પોઈન્ટ ચઢાવવાના બોટલો, સીરીંજાનીડલો), એલોપેથીક મેડીકલ પ્રેક્ટીસ કરવા અંગેની સાધન સામગ્રી સહિત કુલ્લે કિ. રૂ. ૧,૪૦,૧૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી વધુ તપાસ અર્થે આમલેથા પોલીસ સોંપી કાયદેસર ની કાર્યવાહી હાથ આવેલ છે. પોલીસ અધિક્ષકશ નર્મદાદ્વારા જીલ્લામાં કોવીડ-૧૯ મહામારીના કપરા સમય દરમિયાન બોગસ સર્ટી.ના આધારે તબીબી સારવાર કરતા ડોક્ટરોને ઝડપી પાડવાની સુચનાના પગલે છેલ્લા ૪ દિવસમાં લ.સી.બી. તથા એસ.ઓ.જી. પોલીસ દ્વારા બોગસ સર્ટી આધારે પ્રેક્ટીસ કરતા કુલ-૪ તબીબો વિરુધ્ધ ગુનો દાખલ કરેલ છે. તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ભારત સરકાર દ્વારા મે અને જૂન ૨૦૨૧માં પીએમ ગરીબ કલ્યાણ યોજના હેઠળ નિ:શુલ્ક અનાજ આપવામાં આવશે

મે અને જૂન ૨૦૨૧ ના ??મહિનામાં ગરીબોને ૫ કિલો નિ શુલ્ક અનાજ આપવામાં આવશે આશરે ૮૦ કરોડ લાભાર્થીઓને મફત અનાજ મળશે . ગરીબો પ્રત્યે વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રતિબદ્ધતાને અનુલક્ષીને, ભારત સરકારે ગત વર્ષની વડા પ્રધાન ગરીબ કલ્યાણ યોજનાની મુજબ આ વખતે ૮૦ કરોડ લાભાર્થીઓને મફત અનાજ આપવાનું નક્કી કર્યું છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ભાર મૂક્યો હતો કે દેશ કોરોના વાયરસની બીજી લહેરનો સામનો કરી રહ્યો છે ત્યારે દેશના ગરીબોને રાહત આપવી મહત્વપૂર્ણ છે. ભારત સરકાર આ પહેલ માટે ૨૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરશે. ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલે આ નિર્ણય ને આવકાર્યો હતો અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ના નિર્ણય ને પ્રજાલક્ષી અભિગમ ગણાવ્યો હતો .આ નિર્ણય થી દેશના ૮૦ કરોડ લોકો ને રાહત મળશે.

# રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળના દરદીઓનું હળવી કસરત સાથે કાઉન્સેલીંગ

રાજપીપલા,તા ૨૨

રાજપીપલાની આયુર્વેદિક કોલેજ ખાતે કાર્યરત કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર હેઠળના દરદીઓનું ઓક્સીજન લેવલ જળવાઇ રહે અને ઓક્સિજનની જરૂર ઓછી પડે તે માટે દરદીઓને PRONING કરવામાં આવે છે જેમાં પેટનાં બળથી દરદીઓને ઉંધા સુવડાવવામાં આવે છે. તદઉપરાંત, આ દરદીઓ માનસિક રીતે નબળા ન પડે અને તેમનું માનસિક મનોબળ ટકવાની સાથે તે વધુ મજબૂત બને તે માટે હળવી કસરત સાથે તેમનું કાઉન્સેલીંગ કરવામાં આવી રહ્યું છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપલા

## જિલ્લામાં આજે સહિત કુલ-૪૫ પોઝિટિવ કેસ નોંધાયા

# રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૨૬ દરદીઓને આજે રજા અપાઈ

રાજપીપલા,તા ૨૨

COVID-19 મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી આજેપ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૩૦ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૫ સહિત કુલ-૪૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. આમ, જિલ્લામાં આજદિન સુધી RTPCR ટેસ્ટમાં ૧૫૦૭, એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૨૭૬ અને ટ્રૂ નેટ (True nat) ટેસ્ટમાં ૬૭ દરદીઓ સહિત જિલ્લામા પોઝિટિવ દરદીઓની કુલ સંખ્યા ૨૮૫૦ નોંધાવા પામી છે.




રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૨૬ દરદીઓને આજે રજા અપાતા, જિલ્લામાં આજદિન સુધી કોવીડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૧૬૬૪ દરદીઓ, કોવીડ કેર સેન્ટરમાંથી સાજા થયેલા ૯૧૬ દરદીઓ સહિત કુલ-૨૫૮૦ દરદીઓને રજા આપવામાં આવી છે. આમ, હોમ આઈસોલેશનમા ૧૨૯ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૬૫ દરદીઓ, રાજપીપલાની કોવિડ કેર સેન્ટર ખાતે ૩૨ અને વડોદરા ખાતે ૪૧ દરદીઓ સહિત કુલ-૨૬૭ દરદીઓ સારવાર હેઠળ છે.

આજે RTPCR ટેસ્ટમાં ૯૦૨ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૯૨૫ સહિત કુલ-૧૫૨૭ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે.

પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે તા.૨૨ મી એપ્રિલ, ૨૦૨૧ ના રોજ આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૪૮,૬૩૭ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના-૩૫ દરદીઓ, તાવના-૨૮ દરદીઓ, ઝાડાના ૩૧ દરદીઓ સહિત કુલ-૯૪ જેટલા દરદીઓ ઉકત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૧૮૭૯ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૪૬૪૮૫ લોકોને વિતરણ કરાઇ છે. તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## બાપ બેટી સહીત ત્રણ જણા ડૂબી જવાથી સર્જાઈ કરુણાંતિકા

# નર્મદાના ગરુડેશ્વર તાલુકાનાની રાવલ ગામે નર્મદાનદીમાં ન્હાવા પડેલ સુરતના પરિવાર ત્રણ જણા ડૂબ્યા

## આજે એકાદશી હોવાથી નાની રાવલ મન્દિરે દર્શન કરવા આવેલ પરિવાર સાથે સર્જાઈ કરુણાંતિકા

રાજપીપલા, તા ૨૩

નર્મદાજિલ્લા ના ગરૂડેશ્વર તાલુકાના નાની રાવલ ગામેઆવેલ નર્મદા નદીમાં સુરતના ત્રણ જણા ડૂબી જતા ત્રણના કરુંણ મોત નિપજ્યા છે જેમાં બાપ બેટી સહીત ત્રણના મોત થતા કરુણાંતિકા સર્જાઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આજે એકાદશી હોવાથી દર્શન કરવામાટે આવેલા સુરતનો પરિવારનાની રાવલ મન્દિરે આવ્યો હતો. દર્શન પૂજા કરી ગાડી મૂકીને પરિવારના સદસ્યો ગરમી હોવાથી નહાવાની મજા માણવા નર્મદામા નહાવા પડ્યા નહોતા. નર્મદામા પાણી ઊંડું હોવાથી ત્રણે જતા આગળ જતા ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. અને ડૂબી જવાથી ત્રણેના કરુંણમોત નિપજ્યા હતા. જેમાં બાપ બેટીના મોત થવાથી કરુણાંતિકા સર્જાઈ હતી.

મરનારમા૧)અનિલભાઈ કેશવજીભાઈ અજુ વા ડીયા,ઉ વ વર્ષ ૪૪,રહે. હીરાબાગ સુરત (૨) મગનભાઈ ભીખાભાઈ નાગલીયા ઉ. વ ૪૫ રહે, પ્રવાસી કતારગામ સુરતઅને ૩) મગનભાઈ ની છોકરીઆરજુ બેન મગનભાઈ નાગલીયા, ઉ. વ. ૧૫,રહે કતારગામ સુરત)ત્રણે ના મોત નિપજતા ગરુડેસ્વર પીએસઆઈ એ એસ વસાવાએ અકસ્માત મોતનો ગુનો નોંધી લાશ ને કબજે કરી ગરુડેશ્વર ખાતે પીએમ કાર્યવાહી માટે મોકલી આપ્યા હતા.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# મોડાસા ખાતે કોરોના-૧૯ અંતર્ગત સોશિયલ ડિસ્ટન્સ તથા માસ્ક પહેરવા અંગે રેલી યોજાઈ



વર્તમાન સમયમાં ચાલી રહેલી કોરોનાની મહામારી સામે આખું વિશ્વ ઝઝૂમી રહ્યું છે, જે અનુસાર ભારતમાં વધુમાં વધુ કોરોનાના કેસો સામે આવી રહ્યા છે, જે અંતર્ગત અરવલ્લી જિલામાં પણ કોરોનાની મહામારીનાં કેસો જોવા મળ્યા છે.

જે અંતર્ગત આજરોજ અરવલ્લીના મોડાસાના બજાર વિસ્તાર ખાતે મહેસુલ ,પોલીસ અને શહેરી વહીવટીતંત્રાની ટીમ દ્વારા કોરોના-૧૯ અન્વયે સોશિયલ ડિસ્ટન્સ તથા માસ્ક પહેરવા બાબતે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે અનુસંધાને મોડાસા બજાર વિસ્તાર ખાતે મહેસુલ ,પોલીસ અને શહેરી વહીવટીતંત્રાની ટીમ દ્વારા વેપારીઓ તથા જાહેર સ્થળોએ જનતાને માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવા, દરેકને વારંવાર હાથ સેનેટાઈઝર કરવા,અને સાવચેતી રાખવા વગેરે જેવા સૂચનો કર્યા હતા.

આ રેલીમાં મહેસુલ ,પોલીસ અને શહેરી વહીવટીતંત્રાની ટીમનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.






# ફોટો-જર્નાલીસ્ટશ્રી શૈલેષભાઈ રાવલના દુ:ખદ નિધન પર શોક વ્યક્ત કરતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા. ૨૩.૦૪.૨૦૨૧ના ગુજરાત મીડિયા જગતના અને જાણીતા પીઢપત્રકાર અને ફોટો-જર્નાલીસ્ટશ્રી શૈલેષભાઈ રાવલના દુ:ખદ નિધન પર ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલે શોક વ્યક્ત કર્યો તેમજ પરમકૃપાળુ ઈશ્વર એમનાં દિવંગત આત્માને શાંતિ અર્પે અને તેમનાં પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ અર્પે એવી પ્રાર્થના કરી હતી. ઉત્તર ગુજરાતનાં વતની સ્વર્ગસ્થ શ્રી શૈલેશભાઈ ફોટો જર્નાલીસ્ટ ક્ષેત્રે નવી કેડી કોરનાર હતા.




કેમેરા અને કલમ થી પત્રકારત્વમાં નવી કેડી કંડારનાર શૈલેષભાઈ રાવલ ને શ્રધ્ધા સુમન. સાડા ત્રણ દાયકાથી પત્રકારત્વ સાથે સંકળાયેલા ઈન્ડિયા ટુડે ગ્રુપ નાં ફોટોગ્રાફર શૈલેષભાઈ રાવલ નું કોરોના ની ટૂંકી માંદગી બાદ નિધન થયું છે. કચ્છનાં અગરીયાની સ્થિતિ અને ડાંગ નાં આદિવાસીઓ ની સમસ્યા પર કરેલી સટોરી ની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ હતી. મૂળ ઉત્તર ગુજરાત નાં શૈલેષભાઈ રાવલ નો વડનગર પ્રત્યે નો પ્રેમ અલગ હતો. વડનગર નાં ઐતિહાસીક મોન્યુમેન્ટ ને કેમેરા થી ઉજાગર કરી દુનિયા મા ખ્યાતિ અપાવી હતી. એમનાં નિધનથી પત્રાકારત્વ શ્રેત્રે મોટી ખોટ પડશે. તેઓ મીડિયા જગત માટે આદર્શરૂપ હતા. તેઓનું જીવન સેવારૂપી તથા આવનારી પેઢી માટે પ્રેરણારૂપી રહ્યું હતું. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે અને એમનાં પરિવાર પર આવેલી આફત ને સહન કરવાની શક્તિ અર્પે એવી પ્રાર્થના.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.